Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कश्चैतन्यवतां हृदि स्थिरतरं शेते हि साक्षीभवन्
कश्चैतन्यवतां हृदि प्रचरति प्रक्षालयंस्तच्छुचम् ।
कं लब्ध्वा मनुजाः स्वकर्मकरणे शक्ता भवन्ति द्रुतम्
आत्मानंद प्रकाशमेव न हि सन्देहोऽत्र वै विद्यते ॥

पु० २५ मुं | वीर सं. २४५४. चैत्र. आत्म सं. ३२. | अंक ९ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

૧ શ્રી મહાવીર જિન સ્તવનમ્. ... ૨૧૩
૨ સાચો સાથી. ... ... ૨૧૪
૩ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ... ૨૧૫
૪ સુજનતા અને સુસ્વભાવ. ... ૨૨૦
૫ રાજુલ સ્તવન. ... ... ૨૨૪
૬ વીસમી સદીનું સંઘ બંધારણ... ૨૨૫
૭ એ વિશ્વવન્દ્ય વિભૂતિને. ... ૨૨૭
૮ શિખરપરથી દૃષ્ટિપાત. ... ૨૨૯
૯ એક સ્ફુરણા. ... ... ૨૩૧
૧૦ જ્ઞાતપુત્ર શ્રીમન્ મહાવીર પ્રભુને પ્રણામ પુષ્પાંજલી.... ... ૨૩૩
૧૧ સહાય. ... ... ... ૨૩૪
૧૨ વર્તમાન સમાચાર. ... ... ૨૩૫
૧૩ ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર. ૨૩૬

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# જૈન બંધુઓને

ફક્ત અખાત્રીજ સુધી—

## ખાસ લાભ.

નીચેના પુસ્તકો ખરીદનારને આપવામાં આવશે.

| કમીશન ટકા ૧૨॥ | | કમીશન ટકા ૨૦ | |
|---|---|---|---|
| જૈન તત્ત્વાદર્શ | ૫–૦–૦ | કુમારપાળ વિહાર શતક | ૧–૮–૦ |
| કુમારપાળ પ્રતિબોધ | ૩-૧૨-૦ | ધર્મરત્ન પ્રકરણ | ૧–૦–૦ |
| દાન પ્રદીપ | ૩–૦–૦ | સુમુખ નૃપાદિ કથા | ૧–૦–૦ |
| શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧-૨ | ૪–૮–૦ | પંચ પરમેષ્ટી–ગુણ રત્નમાળા | ૧–૮–૦ |
| ધર્મ બિંદુ | ૨–૦–૦ | જ્ઞાનામૃત કાવ્ય કુંજ | ૦–૮–૦ |
| શ્રી નેમનાથ ચરિત્ર | ૨–૦–૦ | સમ્યકત્વ કૌમુદી | ૧–૦–૦ |
| શ્રી નવપદ પૂજા અર્થ સહિત | ૧–૪–૦ | સમ્યકત્વ સ્વરૂપ | ૦–૪–૦ |
| આત્મ વિશુદ્ધિ | ૦–૬–૦ | શ્રાવક કલ્પતરૂ | ૦–૮–૦ |
| તપોરત્ન મહોદધિ ભા. ૧–૨ | ૧–૦–૦ | પ્રશ્નોત્તર પુષ્પમાળા | ૦·૧૪·૦ |
| શત્રુંજયમહાતીર્થ સ્તવનાવળી | ૦–૫–૦ | મોક્ષપદ સોપાન | ૦-૧૨·૦ |
| સજ્જન સન્મિત્ર | ૪–૦–૦ | આત્મવલ્લભ સ્તવનાવળી | ૦–૬–૦ |
| આત્મપ્રબોધ | ૨–૮–૦ | નવાણું પ્રકારીપૂજા અર્થ સહિત | ૦–૮–૦ |
| આદર્શ જૈન સ્રીરત્નો | ૧–૦-૦ | નય માર્ગ દર્શક | ૦-૧૨-૦ |
| કાવ્ય સુધાકર | ૨–૮–૦ | હંસ વિનોદ | ૦-૧૨·૦ |
| આચારોપદેશ, | ૦–૮–૦ | જૈનધર્મ વિષયક પ્રશ્નોત્તર | ૦–૮–૦ |

ઉપરના પુસ્તકોમાંથી પાંચ રૂપીઆ સુધીની કીંમતના ગ્રંથો મંગાવનારને લખ્યા મુજબ કમીશન ઉપરાંત નીચેના પુસ્તકો ભેટ આપવામાં આવશે.

૧ નવતત્વનો સુંદર બોધ.  ૨ જીવવિચાર વૃત્તિ.
૩ દંડક વિચાર વૃત્તિ.  ૪ મુહપતિ નિર્ણય.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च । यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते । यत्पुनरकुशलरूपं तत्पापमधर्मश्चाभिधीयते । पुण्योदयजनितः सुखानुभवः पापोदयसंपाद्यो दुःखानुभवः । तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवार्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २५ मुं. } वीर संवत् २४५४. चैत्र आत्म संवत् ३२ अंक ९ मो.

## श्री महावीर जिन स्तवनम्

( कव्वाली रागेण गीयते )

सुधा सिन्धो ? महावीर ? नमामि त्वत्पदाम्भोजम् ।
जगत्त्राता त्वमेवासि, जगद्बन्धस्त्वमेवासि ॥
जगत्कल्याणकर्त्ताऽसि, जगत्पूज्यस्त्वमेवासि ।
जगद्व्यापि प्रभावस्ते, जगद्भव्याम्बुजोल्लासी ॥ सुधा ॥ १ ॥
सहस्रां शु प्रभाभेदी, समन्तात्कान्ति निस्पन्दी
विशुद्धस्तावकोदेहः, सदा नन्दैक सद्गेहः ।
मयाध्यातोरहस्येन, भवान्तं कर्त्तुकामेन ॥ सुधा ॥ २ ॥
सदा शान्तिं कृपा सिन्धो ! विधेहि प्रेमिणां बन्धो ? ।
दुराचारं महाक्रूरं, जनत्रासं विधातारम् ।
निराधारं दयादारं, जगत्त्रातः ! कुरुष्वारम् ॥ सुधा ॥ ३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रभो ! विघ्नं नमे लोके, विभो ? श्रेयः सदालोके,
त्वदीयध्यानतो नूनं, न लोके जायते न्यूनम् ।
त्वदीयं ये श्रिताः पादं, न ते यान्ति भवोन्मादम् ॥ सुधा ॥ ४ ॥
जगज्जीवा विमूढास्ते, न जानन्ति प्रभावं ते,
महामोहान्धतालीना, यथा वारिस्थिता मीनाः,
सदा चारित्रताहीना–भवोदन्वत्यहो मग्नाः ॥ सुधा ॥ ५ ॥
अजितसूरिः सदा स्तौति, जगच्छ्रेयः समीहानः,
प्रभो ! पादारविन्दं ते महा मोक्षाध्वदीपस्य,
सुसंघस्यास्तु कल्याणां क्षयन्तु क्लिष्टकर्माणि ॥ सुधा ॥ ६ ॥

## સાચો સાથી.

બાગ બગીચા મહેલ ઝરૂખા, રથ ઘોડા ને હાથી રે;
તું તજશે કે તજશે તુજને, નહિ સદાના સાથી રે. ૧ બાગબગીચા૦
માત પિતા સુત દારા બંધવ, સગાં સહોદર તાહરાં રે;
કોઇ ન આવે સંગે તાહરી, અંતસમે સહુ ન્યારાં રે. ૨ બાગબગીચા૦
વિધ વિધના વૈભવ ને દોલત, ઠાઠ માઠ ઠકુરાઇ રે;
છોડીને જાવું જમલોકે, ચાલે નહિ ચતુરાઇ રે. ૩ બાગબગીચા૦
પાર વિનાનું પોષે પુદ્‌ગળ, રાચે માચે રંગે રે;
જતન કરે જુક્તિથી ઝાઝું, તે પણ નાવે સંગે રે. ૪ બાગબગીચા૦
ચેત ચેત તે માટે ચેતન, અસાર આ સંસારે રે;
કોઇ ન સાચો સાથી તાહરો, જે ભવપાર ઉતારે રે. ૫ બાગબગીચા૦
જાળ બીછાવી જકડી બાંધે, ધૂતારી જગ માયા રે;
લાલચમાં લપટાવે લંપટ, માતેલો મોહરાયા રે. ૬ બાગબગીચા૦
મોહ માયાનો સંગ સજીને, કાં કાપે તું કાચું રે;
કર સંગત સાચા સાથીની, જયમ પામે સુખ સાચું રે. ૭ બાગબગીચા૦
**સત્કર્મો** એક સાચો સાથી, સદાકાળ રહે સંગે રે.
આપદમાં પણ થાય ન અળગો, આંચ ન આવે અંગે રે. ૮ બાગબગીચા૦
જીવનમાં ભરપૂર ભરી લે, સતકર્મો સુખદાયી રે;
ઉભય લોકનાં અદભુત સુખની, મળશે નિત્ય વધાઇ રે. ૯ બાગબગીચા૦

વેજલપૂર. ભરૂચ. } શાહ છગનલાલ નહાનચંદ નાણાવટી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અગીયાર અંગમાં નિરૂપણ કરેલ
# તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ઠ ૧૯૬ થી શરૂ. )

હે આર્યો! જેમ મેં (હું) શ્રમણ નિગ્રંથો સમક્ષ એક આરંભસ્થાન પ્રરૂપ્યું છે (પ્રરૂપુ છું) તેમ **મહાપદ્મ અરિહંત** પણ શ્રમણ નિર્ગ્રંથો સમક્ષ એક આરંભસ્થાન પ્રરૂપશે. હે આર્યો! જેમ હું શ્રમણ નિર્ગ્રંથોને રાગબંધન અને દ્વેષ-બંધન એમ બે પ્રકારના બંધન કહું છું, તેમ મહાપદ્મ તીર્થંકર પણ શ્રમણ નિર્ગ્રંથોને પ્રેમબંધન અને દ્વેષબંધન એમ બે પ્રકારના બંધન કહેશે. હે આર્યો! જેવી રીતે હું શ્રમણ નિર્ગ્રંથોને મનદંડ વિગેરે ત્રણદંડ કહું છું, તેમ અરિહંત મહાપદ્મ પણ શ્રમણ નિર્ગ્રંથોને મનદંડ વિગેરે ત્રણદંડ ઉપદેશશે. અહીં "હે આર્યો જેમ હું" "તેમ તેઓ" ઈત્યાદિ શૈલીથી બધી પ્રરૂપણા સમજવી. અર્થાત્ ક્રોધ વિગેરે ચાર કષાયો શબ્દ વિગેરે પાંચ કામગુણો પૃથ્વીકાયથી ત્રસકાય સુધીના છ જીવનિકાયોને જેમ હું પ્રરૂપું છું તેમ મહાપદ્મ તીર્થંકર પણ સાત ભય સ્થાનોની પ્રરૂપણા કરશે. એજ રીતે આઠ મદસ્થાનો, બ્રહ્મચર્ય નવ ગુપ્તિઓ, દશપ્રકારનો યતિધર્મ અને એજ અનુક્રમે યાવત્ તે ત્રિશ આશાતના સુધીની પ્રરૂપણા કરશે. હે આર્યો, જેમ હું શ્રમણ નિર્ગ્રંથોને નગ્નતા–મુંડભાવ સ્નાન વર્જન દાતણનો ત્યાગ છત્રનો ત્યાગ જોડા–ચાંખડીનો ત્યાગ ભૂશયન, પાટમાં શયન લાકડાનું શયન કેશનું લુંચન, કડક બ્રહ્મચર્ય, પરઘરની ભીક્ષા, યાવત........ સન્માન કે તીરસ્કારથી મળેલી કે નહીં મળેલી ભીક્ષામાં નિર્વાહ વિગેરે ઉપદેશું છું એજ રીતે મહાપદ્મ અરિહંત પણ શ્રમણ નિર્ગ્રંથોને નગ્નતા યાવત........મળેલ કે નહીં મળેલ ભીક્ષામાં નિર્વાહ વિગેરે ( નગ્નતાથી પ્રારંભી ભીક્ષામાં નિર્વાહ સુધીનું બધું ) ઉપદેશશે.

હે આર્યો ? હું જેમ શ્રમણ નિર્ગ્રંથોને આધાકર્મિક ઔદ્દેશિક મિશ્રજાત, અધ્યય પૂરક ( પાછળથી ઉમેરેલું ) ખરીદેલું ઉધારે આણેલું ( દાતારે બીજા પાસેથી ) છીનવી લીધેલું, અનિસૃષ્ટ ( ભાગીદારોની ઇચ્છા વગર આપવા ધારેલું ) કાંતાર ભોજન દુકાળીઆનું ભોજન ગ્લાન ભક્ત વર્દ્દલીકા ભોજન ( વરસાદથી પીડાતા ભીખારી માટે રાંધેલું ) પ્રાહુણાનું ભોજન મૂળીઆં કાંદા ફળ બીઆં અને મીઠું ઘાસ, વિગેરે આહાર લેવાનો નિષેધ કરૂં છું. એજ રીતે મહાપદ્મ તીર્થંકર પણ શ્રમણ નિગ્રંથોને આધાકર્મિક યાવત.......લીલી વનસ્પતિ, વિગેરે આહારનો નિષેધ કરશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે આર્યો ! હું જેમ શ્રમણ નિર્ગ્રંથોને પ્રતિક્રમણ સહિત, **પંચમહાવ્રત**વાળો **અચેલક** ધર્મ પ્રરૂપુ છું તેમ મહાપદ્મ તીર્થંકર પણ શ્રમણ નિર્ગ્રંથોને પ્રતિક્રમણ સહિત પંચમહાવ્રતવાળો અચેલક ધર્મ પ્રરૂપશે.

હે આર્યો ! જેમ હું પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત એમ બાર પ્રકારનો **શ્રાવકધર્મ**ની પ્રરૂપણા કરૂં છું તેમ મહાપદ્મ તીર્થંકર પણ પાંચ અણુવ્રતવાળા યાવત્........શ્રાવક ધર્મની પ્રરૂપણા કરશે.

હે આર્યો ? જેમ હું શ્રમણ નિર્ગ્રંથો માટે શય્યાતરપીંડ અને રાજપીંડનો નિષેધ કરૂં છું તેમ મહાપદ્મ, તીર્થંકર પણ શ્રમણો માટે શય્યાતરપીંડ અને રાજપીંડનો નિષેધ કરશે.

હે આર્યો, જેમ મારે નવ ગણો છે અને અગ્યાર **ગણધરો** છે તેમ મહાપદ્મ તીર્થંકરને પણ નવ ગણો અને અગ્યાર ગણધરો થશે.

હે આર્યો, જેમ હું ત્રીશ વર્ષ સુધી ગૃહસ્થપણામાં રહી લોચ કરી દિક્ષિત થયો, બારવર્ષ અને તેર પખવાડીઆનો છદમસ્થ પર્યાય પાળીને તેરપક્ષ, અધુરા એવા ત્રીશ વર્ષનો કેવળી પર્યાય પાળાને બેંતાળીશ વર્ષનો શ્રમણપર્યાય પાળીને એમ **બોંતેર** વર્ષનું સર્વ આયુષ્ય પાળીને સિદ્ધ થઇશ યાવત........સર્વ દુઃખોનો અંત કરીશ એજ રીતે મહાપદ્મ તીર્થંકર પણ ત્રીશ વર્ષ સુધી ગૃહસ્થપણામાં રહીને યાવત્........દિક્ષા લેશે બારવર્ષ અને તેર પખવાડીયાનો છદમસ્થ પાળીને યાવત્.......**બોંતેર** વર્ષનું સર્વ આયુષ્ય પાળીને સિદ્ધ થશે. યાવત્........ સર્વ દુઃખોનો અંત કરશે.

અરિહંત મહાવીર તીર્થંકર જે શીળ અને આચારવાળા છે. અરિહંત, મહાપદ્મ પણ તેજશીળ અને આચારવાળા થશે ( ગાથા ૧ ) *?

૯–૧–૬૯૬—વિમલ વાહન કુલકર નવસો ધનુષ્ય ઉંચા હતા.

૯–૧–૬૯૭—ઋષભદેવ ભગવાન કોશલીકે આ અવસર્પીણી કાળના નવ-કોડા કોડી સાગરોપમ વ્યતીત થતાં તીર્થ પ્રવર્તાવ્યું.

૧૦–૧–૭૩૦—સંભવનાથ ભગવાન પછી દશ લાખ ક્રોડ સાગરોપમ વ્યતીત થતાં અભિનંદન ભગવાન થયા.

૧૦–૧–૭૩૫—ચંદ્રપ્રભુ ભગવાન દશલાખપૂર્વનું સર્વ આયુષ્ય પાળીને સિદ્ધ થયા, યાવત્........ દુઃખ રહિત થયા. ધર્મનાથ ભગવાન દશ લાખ વર્ષનું સર્વ આયુષ્ય પાળીને સિદ્ધ થયા યાવત્....દુઃખ રહિત થયા. નમીનાથ ભગવાન,

* ભરતક્ષેત્રના આવતા ઉત્સર્પીણી કાળના ચોવીશ તીર્થંકરોના નામો માટે જુઓ સમવાયાંગ સૂત્રાંક ૧૫૯ ગાથા ૭૨ થી ૭૬.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દશહજાર વર્ષનું સર્વ આયુષ્ય પાળીને સિદ્ધ થયા યાવત........દુ:ખ રહિત થયા. પુરૂષસિંહ વાસુદેવ દશ લાખ વર્ષનું સર્વ આયુષ્ય પાળીને છઠ્ઠી નારકીમાં નારકીપણે ઉત્પન્ન થયો. નેમનાથ ભગવાન દશ ધનુષ્ય ઉંચા હતા અને દશસો–એકહજાર વર્ષનું આયુષ્ય પાળીને સિદ્ધ થયા યાવત........ દુ:ખ રહિત થયા, કૃષ્ણ વાસુદેવ દશ ધનુષ્ય ઉંચો હતો અને દશસો–હજાર વર્ષનું સર્વ આયુષ્ય પાળીને ત્રિજી વાલુકા પ્રભા નારકીમાં નારકીપણે ઉત્પન્ન થયો.

૧૦–૧–૭૪૯—દશવિધ સમાચારી અધિકાર.

૧૦–૧–૭૫૦—શ્રમણ ભગવાન મહાવીર છદ્મસ્થપણાની અંતિમ રાત્રિમાં પ્રશસ્ત દશ સ્વપ્નો જોઇને જાગ્યા. તે આ પ્રમાણે—

૧–સ્વપ્નમાં હણાએલ, એક અતિ, રૂદ્રસ્વરૂપવાળા અને દર્પવાળા તાલ પિશાચને જોઇને જાગ્યા.

૨–સ્વપ્નમાં એક મોટી ધોળી પાંખવાળા પુંસ્કોકિલને જોઇને જાગ્યા.

૩–સ્વપ્નમાં એક મોટા ચિત્ર વિચિત્ર પુંસ્કોકિલને જોઇને જાગ્યા.

૪–સ્વપ્નમાં એક મોટા સર્વ રત્નવાળા માળાના યુગ્મને જોઇને જાગ્યા.

૫–સ્વપ્નમાં એક મોટા શ્વેત ગોકુળને જોઇને જાગ્યા.

૬–સ્વપ્નમાં એક મોટા સર્વ દિશાવિદિશામાં પુષ્પોથી ખીલેલા પદ્મ સરોવરને જોઇને જાગ્યા.

૭–સ્વપ્નમાં એક મોટા હજારો તરંગોથી ઉછળતા મહાસાગરને પોતે બે હાથથી તર્યા એમ જોઇને જાગ્યા.

૮–સ્વપ્નમાં કાંતિથી દિપતા એક મોટા સૂર્યને જોઇને જાગ્યા.

૯–સ્વપ્નમાં એક મોટા માનુષ્યોત્તર પર્વતને ચારે તરફથી પોતાના પીળા અને વૈડુર્યમણી જેવા લીલા આંતરડાવડે વીંટાએલ ફરી ફરી વીંટાએલ જોઇને જાગ્યા.

૧૦–વળી સ્વપ્નમાં મેરૂપર્વતની મેરૂચુલિકાની ઉપર સિંહાસનમાં રહેલ પોતાને જોઇને જાગ્યા.*

૧—શ્રમણ ભગવાન મહાવીરે એક મોટા રૂદ્રરૂપવાળા ગર્વિત તાલ પિશાચને સ્વપ્નમાં હરાવ્યો એમ જોઇને જાગ્યા તેથી શ્રમણ ભગવાન, મહાવીરે મોહનીય કર્મને મૂળમાંથી ઉખેડી નાખ્યું.

---

*આ દશે સ્વપ્નમાં **एगंयणंमहं** શબ્દ પાઠ છે તેના અર્થ " એક બાજુ હું " અને " એક મોટા " એ બે રીતે થાય છે માટે યથાનુકુળ અર્થ ગોઠવવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨.—શ્રમણ ભગવાન મહાવીર જે એક મોટા ધોળી પાંખવાળા પુંસ્કોકિલને જોઇને જાગ્યા તેથી શ્રમણ ભગવાન મહાવીર શુકલ ધ્યાનવાળા છે.

૩.—શ્રમણ ભગવાન મહાવીરે જે એક ચિત્ર વિચિત્ર પુરૂષ કોયલને જોઇને જાગ્યા તેથી શ્રમણ ભગવાન સ્વસિદ્ધાંત–પરસિદ્ધાંતના તત્વોથી ભરપૂર આચારાંગથી દ્રષ્ટિવાદ સુધીની દ્વાદશાંગીરૂપ ચિત્રવિચિત્ર આચાર્યની જ્ઞાન મંજૂષાને કહે છે, સ્થાપે છે, પ્રરૂપે છે, દેખાડે છે, સ્પષ્ટ કરે છે અને ઉપદેશે છે.

૪.—શ્રમણ ભગવાન મહાવીર જે સર્વરત્નવાળાં માળાયુગ્મને જોઇને જાગ્યા તેથી શ્રમણ ભગવાન મહાવીર ગૃહસ્થધર્મ અને અણગારધર્મ એ બે ધર્મની પ્રરૂપણા કરે છે.

૫.—શ્રમણ ભગવાન મહાવીર જે સ્વપ્નમાં એક મોટા શ્વેત ગોકુળને જોઇને જાગ્યા તેથી શ્રમણભગવાન મહાવીરનો સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચાર પ્રકારનો સંઘ છે.

૬.—શ્રમણ ભગવાન મહાવીર જે એક મોટા પદ્મ સરોવરને જોઇને જાગ્યા તેથી શ્રમણ ભગવાન મહાવીર ભુવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એમ ચાર પ્રકારના દેવો છે એમ પ્રરૂપે છે.

૭.—શ્રમણ ભગવાન મહાવીર જે તરંગોવાળા મહાસાગરને જોઇને જાગ્યા તેથી શ્રમણ ભગવાન મહાવીર અનાદિ અનંત દીર્ઘકાલીન ચાર છેડાવાળા સંસાર વનની પાર ગયા. ( સંસાર સાગરને તર્યા )

૮.—શ્રમણ ભગવાન મહાવીર જે મોટા એક સૂર્યને જોઇને જાગ્યા, તેથી શ્રમણ ભગવાન મહાવીરને અનંતા અનુપમ યાવત....કેવળજ્ઞાન દર્શન ઉપજ્યાં.

૯.—શ્રમણ ભગવાન મહાવીર જે પીળાં લીલાં આંતરડાથી વીંટાએલ યાવત્....જોઇને જાગ્યા. તેથી શ્રમણ ભગવાન મહાવીરના "શ્રમણ ભગવાન મહાવીર–શ્રમણ ભગવાન મહાવીર" "સર્વગુણ સંપન્ન શ્રમણ અને ભગવાન તો મહાવીરજ છે." ઈત્યાદિ યશ વર્ણનો શબ્દો અને ગુણ શ્લોકો દેવલોક મનુષ્ય લોક તથા અસુર લોકમાં ( સ્વર્ગ–મૃત્યુ–પાતાળમાં ) વ્યાપી રહ્યા છે.

૧૦.—શ્રમણ ભગવાન મહાવીર જે મેરૂપર્વતની ચૂલિકા ઉપર પોતાને જોઇને જાગ્યા તેથી શ્રમણ ભગવાન મહાવીર દેવ મનુષ્ય અને અસુરોની સભા સમક્ષ કેવલી પ્રરૂપિત ધર્મને કહે છે. સ્થાપે છે યાવત્....ઉપદેશે છે.

૧૦–૧–૭૫૪—ધર્માસ્તિકાય યાવત્....( ૪૫૦–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય, દેહરહિતજીવ પરમાણુપુદગલ, ૪૭૮–શબ્દ, ૫૬૭–ગંધ, ૬૧૦–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાયુ.) વાયુ આ આઠ વસ્તુને તથા આ જીન થશે કે નહીં? આ જીવ સર્વદુ:ખોનો અંત કરશે કે નહીં ? વિગેરે દશવસ્તુને છદ્મસ્થો સંપૂર્ણભાવે જાણી શકતા નથી, દેખી શકતા નથી, જ્યારે કેવલજ્ઞાની કેવલદર્શી (અરિહંત) યાવત....સર્વ દુ:ખોનો અંત કરશે કે નહીં ? વિગેરે દશ વસ્તુને સંપૂર્ણપણે જાણે છે.*

૧૦–૧–૭૬૬–૭૬૭—ગત ઉત્સર્પાણી કાળ અને આવતા ઉત્સર્પીણી કાળના દશ દશ કુળકરોનો તથા કલ્પવૃક્ષોનો અધિકાર.

૧૦–૧–૭૭૬—લેશ્યાનો અધિકાર.

××લેશ્યા ૧૦ મી×× કોઇ તેવા પ્રકારના શ્રમણ બ્રાહ્મણને દુ:ખી કરવા જે તેજો લેશ્યા મૂકે છે, તે તેજોલેશ્યા ત્યાં નિષ્ફળ નીવડે છે શરીરમાં પ્રવેશ કરી શકતી નથી કુદાકુદ કરે છે, ચારે બાજુ પ્રદક્ષિણા કરે છે, પ્રદક્ષિણા કરીને આકાશમાં ઉડે છે.

વળી સોંઠી પડીને લેશ્યા મૂકનારના શરીરમાં પ્રવેશ કરે છે અને તેને ગરમીથી બાળી રાખ કરે છે. મંખલી પુત્ર ગોશાળે (શ્રાવસ્તીમાં પ્રભુ મહાવીર ઉપર) આવી તેજોલેશ્યા મૂકી હતી.[૨]

૧૦–૧–૭૭૭—આશ્ચર્યો દશ છે. ૧. ઉપસર્ગ. ૨. ગર્ભાપહરણ. ૩. સ્ત્રી તીર્થ. ૪. અયોગ્ય (અવીરતિ) સભા. ૫. કૃષ્ણનું અમરકંકામાં ગમન. ૬. ચંદ્રસૂર્યનું આગમન. ૭. હરિવંશ કુલની ઉત્પત્તિ. ૮. ચમરેન્દ્રનો ઉત્પાત. ૯. એકસો આઠની સિદ્ધિ. અને ૧૦. અસંયતિની પૂજા આ પ્રકારના દશ આશ્ચર્યો અનંતાકાળે થાય છે. (ગાથા ૧–૨) —ચાલુ

---

* ૭ દ્રવ્યોના સૂત્રો ૨૫૨–૩૩૩–૩૩૪–૪૪૧–૭૫૪
પુદ્ગલો—૩૩૭, ૯૫, ૨૧૧
લોકાધાર—૧૬૩–૨૨૪–૨૮૬–૪૯૮–૫૪૬–૬૦૦.

૨ તેજોલેશ્યા માટે વિશેષ જુઓ–ભગવતીસૂત્ર શતક ૧૫ ગોસાળનો અધિકાર. ભગવતીજી શ૦ ૭ ઉ૦ ૧૦, વિગેરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુજનતા અને સુસ્વભાવ.

ગતાંક પૃષ્ટ ૨૦૦ થી શરૂ.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

આજકાલ સમાચાર પત્રોમાં જુઠાણું ખુબ ચાલી રહ્યું છે. આપણા પત્ર સંપાદકો તો એટલું બધું જુઠાણુ નથી ચલાવતા, પરંતુ અન્ય દેશોના પત્ર સંપાદકો ઘણું જુઠાણું ચલાવે છે. આજકાલ જેટલું બને તેટલું મીઠું મરચું ભભરાવીને દરેક વાત પ્રકાશીત કરવાની પ્રથા ચાલી રહેલી જોવામાં આવે છે. વાતો વધારીને કેમ કહેવી તે સમાચાર પત્રના સંપાદકો બહુ સારૂં જાણે છે. તે ઉપરાંત સમાચારપત્રોમાં જાહેરખબર આપનાર તો પોતાનો સઘળો કારભાર કેવળ જૂઠથી જ ચલાવે છે. લોકોની પાસે પોતાની વસ્તુઓની મોટી પ્રશંસા કરે છે અને સમાચારપત્રોમાં લાંબી લાંબી જાહેરખબરો આપે છે, તે એટલે સુધી કે ખોટા પ્રશંસા પત્રો પણ છાપે છે. પોતાની ચીજમાં શું ગુણ રહેલો છે અને તે કેટલી ઉપયોગી છે તેનું તે લોકો જરાપણ ધ્યાન પણ રાખતા નથી. તેઓ તો માત્ર પોતાની ચીજો વેચવા ઇચ્છે છે અને વેચવા માટે આપણને એવો વિશ્વાસ બેસાડવા માગે છે કે તે ચીજ ઘણીજ સારી અને ઉપયોગી છે. એક એવો મહાપુરૂષ (!) છે કે જે એકજ પુસ્તકનાં જુદાં જુદાં નામો રાખીને અને પ્રત્યેક નામની સાથે જુદા જુદા વિષયો બતાવીને જાહેર ખબરની મદદથી તે પુસ્તકની હજારો નકલો વેચે છે. કલકત્તા અને મુંબઇના અનેક વેપારીઓ બસો બસો પાનાંના સૂચીપત્રો છપાવે છે. પરંતુ આપણે જો કદાચ તેઓની ઓફીસમાં જઈએ તો ત્યાં ટેબલ ખુરશી સિવાય કશું જોવામાં આવશે નહિ. તેઓ અનેક ચીજોને પોતાનાં કારખાનામાં બનેલી જણાવે છે, પરંતુ તપાસ કરતાં આપણને માલુમ પડે છે કે તેઓનાં કારખાનાનું કાંઇ નામનિશાન પણ હોતું નથી. દવાઓની જાહેરખબર આપનારની દશા તે કરતાં પણ વિશેષ ભયંકર છે. તેઓ એકજ ઔષધિથી હજારો રોગો દૂર કરવાના બણગાં ફુંકી રહ્યા હોય છે, પરંતુ વસ્તુતઃ તેઓની દવામાં ધુળ જેવો પણ દમ હોતો નથી એ રીતે કેટલાક લેખકો પણ જુઠું બોલવાને ટેવાઈ ગયેલા હોય છે. ખાસ કરીને જીવન ચરિત્રના લેખકો સત્ય અસત્યનું ઘણું થોડું ધ્યાન રાખે છે, કોઈપણ પુરૂષનું જીવન લખતી વખતે તેઓ તેના અવગુણોને છોડી દે છે અને તેનામાં એવા અનેક ગુણોનું આરોપણ કરે છે કે જેનો તેનામાં અંશ પણ હોતો નથી. કેવળ જુઠા ગુણોનું આરોપણ કરીને તેઓ પોતાના નાયકને ઉંચે ચઢાવી દે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજકાલના યુવકોની એવી માન્યતા થઇ ગઈ છે કે અત્યારે સત્યનો જમાનો નથી, તેઓ એમજ સમજે છે જે મનુષ્ય જુઠો, દગાબાજી, અને સ્વાર્થી હોય છે તેજ સંસારમાં સારી રીતે રહી શકે છે. પ્રત્યેક કાર્યમાં સફલતા પ્રાપ્ત કરવા માટે અને યથેષ્ટ દ્રવ્ય મેળવવા માટે એ ગુણોની આવશ્યકતા છે એમ તેઓ ચોક્કસ માને છે. પરંતુ આથી ગંભીર ભૂલ બીજી હોઇ શકે નહિ. કેમકે વાસ્તવિક રીતે તો એ વાત કુદરતના નિયમોથી તદ્દન વિરૂદ્ધ જ છે. આપણે કદિપણ જુઠું બોલીને અથવા બીજાને છેતરોને આપણી ઉન્નતિ સાધી શકતા નથી. કેવળ જુઠ અથવા છેતરપીંડીના આધારે આજ સુધી સંસારમાં કદિપણ કોઇ સ્થાયી કાર્ય નથી થયું. જુઠા અથવા લુચ્ચા માણસને કદિપણ કશો લાભ થતો નથી, એટલુંજ નહિ પણ ઉદ્દટું જ્યારે તેનું જુઠ અથવા લુચ્ચાઇ પ્રકટ થાય છે ત્યારે લોકો તેના તરફ તિરસ્કારની દષ્ટિથી જુએ છે અને પ્રાયે કરીને એના શત્રુ બની જાય છે. મનુષ્યમાં એટલું તો સ્વાભાવિક જ હોય છે કે જેનાથી પોતે એકાદ વખત ઠગાય છે તેના ઉપર તેને જીંદગીમાં કદિપણ વિશ્વાસ રહેતો નથી. જો ખરી રીતે જોઇએ તો અસત્યમાં એવી જરાપણ શકિત નથી કે જેને લઇને તે સત્યની સામે ક્ષણવાર પણ ટકી શકે.

જુઠા અથવા લુચ્ચા માણસને એટલો ખટકો પણ રહે છે કે કોઈપણ રીતે પોતાનું જુઠાણું અથવા લુચ્ચાઇ પ્રકટ ન થવા દેવું. પરંતુ જે મનુષ્ય સાચો હોય છે તેનામાં વધારે દઢતા તથા શકિત હોય છે. તે તો એમજ સમજે છે કે વખત આવતાં મારા સત્યપક્ષનું સમર્થન આખો સમાજ કરશે એટલુંજ નહિ પણ આખી દુનિયા કરશે. તેને હમેશાં પોતાના વિજયનો દઢ વિશ્વાસ હોય છે. પરંતુ જુઠા મનુષ્યને હમેશાં કચવાટ રહે છે. જુઠું બોલતી વખતે તે એમ સમજે છે કે હું કંઇક અનુચિત અને અન્યાયપૂર્ણ કાર્ય કરી રહ્યો છું. તેનો આત્મા તેને દોષિત બનાવે છે. લોકો તેની સાથે સંબંધ અથવા વ્યવહાર રાખતાં અચકાય છે. જેઓ અત્યંત જુઠા અથવા દગાબાજ હોય છે તેઓની આકૃતિમાંજ કોઇ એવો દોષ આવી જાય છે કે જેને લઇને લોકો તેને જોતાંજ તેનો તિરસ્કાર કરવા લાગે છે. તેની નસે નસમાં દગાબાજી ટપકતી હોય છે, પરંતુ જે મનુષ્ય સાચો અને સાત્વિક હોય છે તેને જોતાં જ લોકોના મનમાં તેના પ્રત્યે શ્રદ્ધા તથા ભકિતભાવ ઉત્પન્ન થાય છે. એવા મનુષ્યનું સર્વ સ્થળે બહુ જ આદરમાન થાય છે. સર્વ સ્થળે લોકો એના મિત્ર અને સહાયક બની જાય છે, તેને પોતાની પ્રતિષ્ઠાનું સૌથી વધારે ધ્યાન રહે છે. સત્ય અને પ્રતિષ્ઠા પાસે તે સ્વાર્થ અને સ્વલાભને તુચ્છ સમજે છે. પોતાને નુકસાન થતું હોય તો તે હમેશાં ન્યાયને જ ચાહે છે. ને વિચારપૂર્વક જોઈએ તો સમસ્ત વિશ્વની તથા પ્રાણી માત્રની રચના એક માત્ર સત્યના આધાર ઉપર જ થઈ છે, આત્માને કષ્ટ થયા વગર કદિપણ સત્યનો ઘાત થઈ શકતોજ નથી. સત્ય તો એક પ્રાકૃતિક નિયમ તથા બળ છે. સંસારનો કોઇ નિયમ અથવા કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શક્તિ તેની સામે ટકી શકતી નથી. એટલાજ માટે કહ્યું છે કે '**सत्यमेव जयते नानृतम् ।**' જે મનુષ્ય ગણિત શાસ્ત્રના નિયમોનો ભંગ કરવાનો પ્રયત્ન કરે છે તે અવશ્ય મૂર્ખ ગણાય છે. એજ રીતે સત્યથી વિપરીત આચરણ કરનારનું પણ સમજવું જોઈએ. સત્ય એક પ્રાકૃતિક નિયમ છે. જેવીરીતે સ્ત્રીમાં સતીત્વની સૌથી વધારે આવશ્યકતા છે તેવી રીતે મનુષ્યમાં સત્યતાની સૌથી વિશેષ આવશ્યકતા છે. જેવી રીતે સતીત્વ નષ્ટ થયા પછી સ્ત્રીની કશી કિંમત જ નથી રહેતી તેવી રીતે સત્યતા નષ્ટ થયા પછી મનુષ્યમાં કશું કિંમતી રહેતું નથી. જુઠા મનુષ્યના સર્વોત્તમ ગુણો, સર્વોત્કૃષ્ટ અંશ નષ્ટ થઇ જાય છે. જે મનુષ્ય સત્યપંથથી પડી જાય છે તેનામાં મનુષ્યત્વ જ નથી રહેતું. જેટલે દરજ્જે મનુષ્ય સત્યપંથથી પાછો હઠે છે તેટલે દરજ્જે તે પશુત્વ પ્રાપ્ત કરે છે. જે સત્યનો આટલો બધો મહિમા છે, જેનું આટલું બધું મહત્વ અને મૂલ્ય છે તેનો આપણા સ્વભાવમાં સંપૂર્ણ આરોપ કરવો એ આપણું મનુષ્ય માત્રનું પરમ અને પ્રથમ કર્ત્તવ્ય છે.

દરેક મનુષ્યે પોતાનો સ્વભાવ સાત્વિક બનાવવા ઉપરાંત તેને પ્રેમ-પૂર્ણ અને મિલનસાર બનાવવાની બીજી આવશ્યક્તા છે. જે મનુષ્યનું હૃદય પ્રેમપૂર્ણ નથી હોતું તે ઘણે અંશે મનુષ્ય જ ગણાતો નથી. સર્વ ધર્મોમાં પ્રેમને પરમ ધર્મ અને માનવ-જીવનનો સાર ગણવામાં આવેલ છે. એ પ્રેમ મનુષ્યના દુઃખો ઘટાડવામાં તથા સુખોની વૃદ્ધિ કરવામાં અત્યંત સહાયકારક બને છે. જે મનુષ્યમાં પ્રેમનો અંશ જેટલો વધારે હોય છે તેટલો તે સંસારની વિપત્તીયોથી બચી શકે છે. એ ઉપરાંત મનને નિર્મલ તથા સાત્વિક બનાવવા માટે પણ પ્રેમની ઘણીજ જરૂર રહેલ છે. પાછળના એક પ્રકરણમાં આપણે એક અપરાધી અને એક સ્ત્રીનું ઉદાહરણ ઉપરથી જોયું છે કે પ્રેમ પૂર્ણ વ્યવહારનો પ્રભાવ આકરી શિક્ષા કરતાં વધારે ઉત્તમ હોય છે. પ્રેમની સહાયતાથી મનુષ્ય પોતાનું મન પણ પવિત્ર રાખી શકે છે, અને બીજાના મન પણ પવિત્ર તથા નિર્મળ બનાવી શકે છે. એક વિદ્વાનનો મત છે કે પ્રેમમાંથી જ કોમલતા, સુખ, શાંતિ, મમતા, અને સદ્ભાવ વિગેરે અનેક ગુણોની ઉત્પતિ થાય છે. અને એની સહાયતાથી જ મનુષ્ય ખરાબ બાબતનો ત્યાગ કરીને સારી બાબતનો સ્વીકાર કરે છે. પ્રેમ આપણા સાચા મિત્રો તથા સહાયકોની સંખ્યામાં વધારો કરીને આપણા માર્ગના સમસ્ત કંટકો દૂર કરે છે. કેવળ સુવિચારથી જ મનુષ્યમાં કદિપણ સદ્ગુણોની ઉત્પત્તિ થઇ શકતી નથી; આપણું હૃદય એક ક્ષેત્ર છે, તેમાં સુવિચાર બીજરૂપ છે, પ્રેમ એ અમૃત છે કે જેના વડે ક્ષેત્રમાં સિંચન કરવામાં આવે છે અને ભિન્ન ભિન્ન સદ્ગુણો એ ક્ષેત્રમાં થનારાં ફળ છે. જ્યાં સુધી આપણાં હૃદયમાં પ્રેમામૃતનું સિંચન કરવામાં આવતું નથી ત્યાં સુધી તેમાં કદિ પણ સદ્ગુણરૂપી ફળ ઉત્પન્ન થતા જ નથી. એક મહાત્માનો ઉપદેશ છે કે જો આપણે ઇશ્વર પાસે કાંઇપણ યાચના કરવાની હોય તો **આપણે હમેશાં પ્રેમની જ યાચના કરવી જોઇએ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમ એક એવી અલૌકિક શકિત છે કે જેનાથી મનુષ્યને અનંત લાભ થાય છે. પ્રેમથી માનાસક વિકાર દુર થાય છે, વિચારોમાં કોમળતા આવે છે, સદ્દગુણોની સૃષ્ટિ થાય છે, દુઃખોનો નાશ તથા સુખોની વૃદ્ધિ થાય છે, અને એટલે સુધી કે મનુષ્યનું આયુષ્ય પણ વધે છે. જે મનુષ્ય પોતાના હ્રદયમાંથી પ્રેમભાવ કાઢી નાંખે છે તે પોતાનાં જીવનનો એક સર્વોત્તમ અંશ નષ્ટ કરે છે. પ્રેમ જ મનુષ્યને સાહસિક, ધૈર્યશીલ, અને સહનશીલ બનાવે છે. કેવળ પ્રેમના બળ ઉપર જ નિર્ભર રહીને સુકોમળ સ્ત્રીઓએ ભીષણ યુદ્ધો કરીને વિજયપ્રાપ્ત કર્યો છે. પ્રેમની ખાતર તેઓએ વિકટ કષ્ટો સહન કર્યાં છે. પ્રેમ ખાતર માતા પોતાના પુત્ર માટે અનંત કષ્ટો સહન કરે છે અને પોતે બધી જાતનાં દુઃખો ભોગવીને પણ તેને સુખ આપવા યત્ન કરે છે. માતાઓને ઘણે ભાગે એવી અવસ્થામાં રહેવું પડે છે કે જેમાં તેઓને પ્રેમનો આધાર ન હોય તો તેઓ બીમાર પડી જાય છે. પરંતુ એ પ્રેમ તેઓને બીમારીમાંથી બચાવે છે. ઉલટું શુદ્ધ પ્રેમ તેઓને બલિષ્ટ તથા સુંદર બનાવે છે. પ્રેમ વગર સર્વોત્કૃષ્ટ સુખ સામગ્રી આપણને જરા પણ પ્રસન્ન કરી શકતી નથી. પરંતુ પ્રેમની સહાયતાથી આપણે કોઇપણ જાતની સુખ સામગ્રી વગર પણ અત્યંત સુખી થઇ શકીએ છીએ. કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રેમથી સંસારની સઘળી ઉત્તમ બાબતોની સૃષ્ટિ થાય છે અને સઘળી ખરાબ બાબતોનો નાશ થાય છે.

સંસારમાં સુખથી અને પ્રતિષ્ઠાપૂર્વક રહેવા માટે મિલનસાર થવાની મહાન આવશ્યકતા છે. અને મિલનસાર તે જ મનુષ્ય થઇ શકે છે કે જેનું હ્રદય પ્રેમપૂર્ણ હોય છે. સંસારમાં આપણાં અનેક કાર્યો મિલનસાર પણાથી જ સાધી શકાય છે. જે મનુષ્યનો સ્વભાવ પ્રેમપૂર્ણ અને મિલનસાર હોય છે તેને સર્વ સ્થળે અને સર્વ અવસ્થાઓમાં મિત્રો અને સહાયકો મળી રહે છે. આપણે હમેશાં જોઇએ છીએ કે મિલનસાર મનુષ્ય કઠિનમાં કઠિન કાર્યો ઘણીજ સહેલાઇથી કરી શકે છે. અને જે મનુષ્યનો સ્વભાવ મિલનસાર નથી હોતો તેને સાધારણ કામ કરવામાં પણ મુશ્કેલી પડે છે. છેવટે સાંસારિક ઉન્નતિ માટે તો મનુષ્યને મિલનસાર બનવાની ઘણી જ જરૂર છે. એટલા માટે દરેક મનુષ્યે પોતાનો સ્વભાવ મિલનસાર તથા પ્રેમપૂર્ણ બનાવવા પ્રયત્નશીલ રહેવું જોઇએ. (ચાલુ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "રાજુલ સ્તવન."

ગહલી ભાભી ગહલડીયું મત બોલો જો
કુવાને કાંઠાઇ વારણું વહી ગયો જો. એ દેશી.
સહીયાં મોરી સાહિબો નેમ મનાવો જો
હિયડું તે દાઝે પીયું વિણુ દીઠડે જો
દિલ મેલીં ન કીધો દુસમન દાવો જો
અબોલાને બાલીયા દવમીંઠડે જો. ૧

કરતાં સ્યું તો આણી પ્રીત સોહલી જો
દોહિલીને નિરવહતા દીઠી નયડે જો.
સાંમલીઓ સાંભરતાં હીયડે સાલે જો
દુખડું તે નાવે કહેતાં વયડે જો ૨
રહસ્યેં દુનીયા માંહિ વાત વદીતી જો.

વાહલેં શી કીધી છે એહવી રીતડી જો
સ્યું જાંણું વીસરસ્યઇં કિણુ અવતારેં જો
નેહ તણા દુઃખ જાણે તેહજ પ્રીતડી જો ૩
મત કોઇને છાનો વૈયરી નેહ જો.

લાગીને દુઃખ દેતો કહીઈ એહવો જો
નેહ તણા દુઃખ જાણે તેહની છાતી જો
જેહ માંહી વિચરે અવર ન તેહ વો જો. ૪

નેમેસર ને ધ્યાને રાજુલ નારી જો
મેલો નેમ ન ગમતો લહે શીવમંદીરે જો
વિમલ વિજય ઉવજ્ઝાય તણે શુભ શીષ્યે જો
રામ વિજય સુખસંપત્તિ પામી શુભ પરે જો. ૫

સં. વિહારી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વીસમી સદીનું સંઘ બંધારણ.

( ૨ )

રાગદ્વેષાદિ અઢાર દૂષણોને જીતી લઇ જેઓએ અરિહંતપદ પ્રાપ્ત કર્યું છે એવા જીનેશ્વર પ્રભુને વિષે દેવપણાની બુદ્ધિ રાખનાર અર્થાત્ એમને દેવ માનનાર, જેઓ ઉપરોક્ત જીન પ્રભુના માર્ગે કેવળ મોક્ષની અભિલાષાથી ચાલી રહેલા હોય અને પંચ મહાવ્રત પાલનરૂપ સાધુ ધર્મનું નિરતિચારપણે પાલન કરી રહ્યા હોય, એવા મુનિરાજને વિષે સાધુપણાની બુદ્ધિ રાખનાર એટલે કે અમને સાધુ માનનાર એજ જીન ભગવાને કહેલા અહિંસા લક્ષણરૂપ સ્યાદ્‌વાદ યાને જૈનધર્મને ધર્મ માનનાર દરેક વ્યક્તિ ચાહે તો તે વીશાશ્રીમાળી હો કે ચાહે તો તે ઓશવાળ–પોરવાડ કે લાડવા શ્રીમાળી હો કિંવા પાટીદાર કે ભાવસાર હો. સ્ત્રી હો યા પુરૂષ હો એ સર્વ જૈન ગણાય, એમનો બનેલો સમુદાય તેજ સંઘ. ઉપર મુજબ દેવ–ગુરૂ–ધર્મની શ્રદ્ધાવાળી દરેક વ્યકિત વાર્ષિક પાવલી આપી સંઘના ચોપડે પોતાનું નામ લખાવે. આનું નામ મતદાર સંઘ રાખીએ. સંઘના કાર્યમાં જ્ઞાતિને મહત્વ ન આપી શકાય એટલે વાર્ષિક ચુંટણી વેળાયે સૌ કોઇ ગમે તે જ્ઞાતિના પણ સંઘના કાર્યને સારી રીતે સંભાળી શકે તેવા લાયક ગૃહસ્થની કે જે સ્વભાવે ગંભીર, મળતાવડી પ્રકૃત્તિનો, ધર્મની દઢ શ્રદ્ધાવાળો, વિચાર કરી કામ કરે તેવો, સામાન્ય રીતે સારી આર્થિક દશાવાળો તેમજ જનતા પર જેની છાપ બેસે એવો, અને બુદ્ધિશાળી હોય તેવાની ચુંટણી સંઘપતિ તરિકે કરે. ચુંટણીનો દિવસ પર્યુષણ લગભગ રખાય તો વધારે અનુકુળ થઇ પડે. સંઘપતિ ઉર્ફે પ્રમુખની ચુંટણી પછી એની ગેરહાજરીમાં સંઘનું કાર્ય ચાલુ રહે એ સારૂ એક ઉપ પ્રમુખની તેમજ ધાર્મિક ખાતાની મિલ્કતની યોગ્ય વ્યવસ્થા રાખવા સારૂ એક ખજાનચીની કે જે વ્યકિત નામાના કામમાં નિષ્ણાત મનાતી હોય અને નાણાની વ્યવસ્થા કરવામાં કુશળ ગણાતી હોય તેની તથા વસ્તીના પ્રમાણમાં બે–ત્રણ કિંવા ચાર કાર્યવાહકો યાને મંત્રીઓની ચુંટણી વધુ મતના ધોરણથી કરે. મત આપનારાઓએ એટલું લક્ષમાં રાખવાની અગત્ય છે કે જે વ્યકિતઓમાં જનતાના મોટા ભાગ કરતાં બુદ્ધિ–બળ–જ્ઞાન અને કાર્યશકિતમાં વિશેષતા હોય તેવાઓની જ કાર્યવાહકો તરીકે નિમણુક કરવી, કારણ કે સારાએ કામોનો આધાર મંત્રીઓની કાર્યપટુતા ઉપર અવલંબે છે. આટલું થયા બાદ વસ્તીના પ્રમાણમાં–જ્ઞાતિનો સંબંધ ધ્યાનમાં લઇ ૬–૮–૧૦ કે તેથી વધુ સલાહકારક સભ્યોની ચુંટણી કરવી. આવી રીતે બહુમતીથી ચુંટાયલા માણસો સંઘ સંબંધીના કામોનો એક વર્ષ વા ત્રણ વર્ષ સુધી વહીવટ કરે, હિસા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બની ચોખવટ રાખે, કાર્યોને બગડવા ન દે, સંઘનું ગૌરવ વધે તેવા સુધારા કરે અને અગત્યના કામો વખતે સંઘ મેળવી કામોનો નિકાલ આણે. ઠરાવ મુજબ પુનઃ વર્ષ દહાડે વા ત્રણ વર્ષે નવી ચુંટણી કરે. દર વર્ષે આખા વર્ષની કાર્યવાહી સંઘની સભા સમક્ષ કહી જાય. ચુંટાયલી કમિટિનું કાર્ય રીતસર ચાલે એ સારૂ જાહેર સંસ્થાઓમાં હોય છે, તેવા ઘટતા કાનુનોવાળું બંધારણ તૈયાર કરી સંઘના તમામ માણસો પુરૂં પાડે અને જાતે એ પ્રમાણે અમલ કરે. આ આપણા વીસમી સદીના સંઘની રૂપરેખા કહી શકાય.

આ સંસ્થા હસ્તક નીચે પ્રમાણેના સાત ક્ષેત્ર સબંધીના પાંચમું, છઠું જીવદયા અને સાતમું શુભ વા સાધારણ એ નામના સાત ખાતા સંઘની પેઢીમાં રખાવા જોઇએ. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે—

૧ મૂર્તિ સંબંધીખાતું—જેમાંની રકમનો વ્યય નવિન મૂર્તિ ભરાવવાથી માંડીને ચાલુ વપરાશના પૂજાના ઉપકરણોમાં કરી શકાય.

૨ ચૈત્યખાતું—જીર્ણોદ્ધાર સંબંધીની રકમોથી લઇ દેરાસરની મરામત કરાવવાને લગતા દરેક કાર્યમાં વાપરી શકાય.

૩ જ્ઞાનખાતું—આગમ સાહિત્ય લખાવવા, સુધરાવવા, જ્ઞાનભંડારમાં સુરક્ષિત રહે તેવા યત્ન કરવા, તેમજ નવિન ગ્રંથો ખરીદવા તથા સાધુ આદિના ઉપયોગ માટે મંગાવી આપવા સંબંધી સર્વ વ્યય એમાંથી થાય.

૪ સાધુ–સાધ્વીખાતું—એમાંથી મુનિરાજના ઉપકરણ તેમજ ગમનાગમન અને ખાસ કરી તેમને લગતા તેવા ખરચો થાય.

૫ શ્રાવક–શ્રાવિકાખાતું—આમાંથી સ્વામીભાઇના સંકટો દૂર કરવાના દરેક ઉપાયો લેવામાં આવે, જરૂર પડે રકમો ધીરાય, તેમ ખાવામાં પણ વાપરી શકાય.

નોટ–એ ખાતાને બને તેટલું સંગીન રાખવાની અણી આવી પહોંચી છે; કેમકે એ ક્ષેત્રની પુષ્ટતા વગર બીજા સર્વ ક્ષેત્રો સીદાતા રહેવાના.

૬. જીવદયાખાતું—આ ખાતામાંથી ચકલાને દાણા, કુતરાને રોટલા, માછલાની જાળ અને એ સિવાયના દયા સંબધીના સર્વ કાર્યો થાય.

૭. શુભ વા સાધારણ ખાતું—આમાંથી ઉપરના છ ખાતામાંના જેમાં તંગાશ પડે તેમાં પૂરવણી કરવી અને એ ઉપરાંત જે વ્યય ઉકત ખાતાઓમાં ન આવી જતો હોય અગર સંદિગ્ધ લાગતો હોય તેવો સર્વ ખરચ આમાંથી થાય.

આ સિવાય કોઇપણ નામના વધારાના ખાતા રાખવાની અગત્ય નથી. આવી યોજનાથી ગામ યા શહેરના દરેક દેવાલયોનો, ઉપાશ્રય કે જ્ઞાનભંડારનો વહીવટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક સ્થળે આવી જવાથી ખરચમાં ઘણી બચત થવાની. વળી પૈસાની સલામતી રહેશે અને એ સિવાય અરસપરસ ખાતાના ઉપયોગમાં જરૂર પડે રકમ કામે લાગવાથી ધનના અભાવે કામ વિણસી જાય છે, તેમ નહીં બને. સૌથી નોંધનીય વાત એ બનશે કે હિસાબની ચોખવટ જળવાશે; એથી આપણા ઘણાખરા ખાતાની રકમો વેડફાઇ જાય છે તે અટકશે. ઓછા માણસો દ્વારા દીપી નીકળે તેવું કામ થશે. બહારગામના યાત્રુઓને પણ કયા ખાતામાં આપવું તેની સુઝ પડશે. આ ઉપરાંત પાઠશાળા, શ્રાવિકાશાળા અને કન્યાશાળા જેવી કેળવણીની સંસ્થાઓને નવજીવન પ્રાપ્ત થશે. ચુંટણીના નિયમે કામ થતું હોવાથી દરેકમાં કામ કરવાની ધગશ પેદા થશે અને એ માર્ગે કેટલાયે નવિન હીરાઓ જે હાલ સમાજના કોઇ ખુણામાં છુપાયલા હોય છે તેઓ બહાર આવી ઝળકશે અને એથી સંઘનો મોભો વધશે. કામો યથાર્થ રૂપમાં થવાથી અલ્પ કાળમાં સારીયે જૈન આલમ પ્રગતિનાં પંથે આગળ વધશે અને જૈન શાસનનો જય જયકાર વર્તશે. પ્રભુ પ્રત્યે એજ પ્રાર્થના કે એવો સમય સત્વર પ્રાપ્ત થાય ઇત્યલમ્.

લે૦
મોહનલાલ દીપચંદ ચોકસી.

## " એ વિશ્વવન્દ્ય વિભૂતિને "

લે૦ વીરબાળ.

આજથી અઢીહજાર વર્ષ પહેલાં પૂર્વદેશમાં—મગધદેશમાં એક પ્રતાપી પુરૂષ વર જન્મ્યા હતા. જેમના જન્મથી ત્રણ લોક આનંદની સુરખી અનુભવી રહ્યો હતો. ઘણી વ્યકિતઓ એવી હોય છે કે જેના જન્મ સમયે પથ્થર પડે; દુનિયા ભાવિ દુ:ખનો અનુભવ કરે; અને એવી વ્યકિતઓ જરૂર દુનિયામાં કંઇક ઉથલપાથલ પણ કરે જ. કેટલીએક વ્યકિતઓ એવી હોય છે કે જેના જન્મતાંજ દેશમાં અશાંતિનું વાતાવરણ ઉભરાઇ જાય છે; અને કેટલીએક વ્યકિતઓ એવી હોય છે કે જેના જન્મતાં માબાપ દુ:ખી દુ:ખી થાય છે, કિન્તુ ત્રણ જગત સુખી થાય; આનંદિત બને એવી વ્યક્તિઓતો વિરલજ હોય છે. એ વિભૂતિ.

**જરૂર વિશ્વ વન્દ્યજ બને છે.**

આ વિશ્વવંદ્ય વિભૂતિ સંસારમાં જ જન્મ લે છે, સંસારમાં ઉછરે છે, સંસારનું વાતાવરણ નિહાળે છે. છતાંય જળ કમલવત્ નિર્લેપ રહે છે. સદાય એમના મનમાં એકજ વાતનું રટણ હોય છે, ત્યાગ—આત્મોહત એમના આત્મહિતમાં જગતનું કલ્યાણ સમાયેલું હોય છે એ વિભૂતિ અપૂર્વ ત્યાગ કરે છે, ઘોર તપશ્ચ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્યાઓ આદરે છે. કઠિણ ચારિત્ર પાળે છે અને મૌન રહે છે. એ બધું ભલે એમના આત્મ હિત માટે હોય પરંતુ જગતને માટે એ બધું આદર્શ રૂપ બને છે. જગત તેમને આદર્શમાની સાધ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે. એ પરમ આદર્શ પુરૂષવર જ

## વિશ્વ વન્દ્ય વિભૂતિ છે.

એ વિભૂતિમાં મહાન શકિત અનુપમબળ અપૂર્વ તાકાત સમાયાં છે, છતાં તેમના ઉપર ઉપસર્ગોની ઝડી વર્ષાવનાર દુઃખનો દાવાનલ પ્રગટાવનાર પ્રત્યે આંગળીએ ઉંચી ન કરતાં બધુંય શાંતિથી સહન કરે છે. પોતાની શકિત, બળ અને તાકાત એ બધું સહન કરવામાંજ વાપરે છે અને જગત્‌ને ક્ષમા વીરસ્ય ભુષણમ્‌નો અપૂર્વ બોધ પાઠ શીખવે છે. એ બાલપણુમાં પગના અંગુઠે મેરૂ કંપાવી ઇંદ્રની ભુલ સુધરાવે છે. તીર્થંકરોની શાકતનો પરિચય કરાવે છે. બાળપણુમાં રમત કરતાં છળ કરનાર દેવને મૂઠી મારી નમાવે છે, પોતાના બળ અને તાકાતનો પરિચય આપે છે અને એજ વિભૂતિ પરમ સાધુ પુરૂષ બન્યા પછી સાત સાતવાર ફાંસીના લાકડે લટકાવનાર, વધસ્થાને પહોંચાડનાર, છ છમહીના સુધા ગૌચરી પાણી પણ શુદ્ધ ન મલવા દેનાર સંગમક દેવ ( ? ) પ્રત્યે દયાથી અશ્રુભિની આંખ બનાવે છે. એ પરમ સાધુ–

## વરજ વિશ્વવન્દ્ય વિભૂતિ બન્યા છે.

એ વિભુતિ ઘરબાર છોડી પ્રથમ જ્યારે સાધુપણું સ્વિકારી વિશ્વમાં વિચરે છે અને પ્રથમ ગોપાળ–ગોવાળનો ઉપસર્ગ થાય છે ત્યારે ઇન્દ્ર આવીને નિવારણુ કરે છે; અને પછી એ સુકોમળ કાયાવાળો દેવોના દેવ દેવાધિદેવ પ્રત્ય વિનમ્રભાવે વદે છે " પ્રભુ આપને વર્ષો પર્યંત ઘણુંજ કષ્ટ પડશે, ઘણાજ ઉપસર્ગો થશે યદિ આપ કહો તો હું તનું નિવારણુ કરવા આપની સેવામાં હાજર રહું " ત્યારે એ પરમ સાધુ શ્રેષ્ઠ ઉચ્ચારે છે. " ઓ ઇન્દ્ર તિર્થંકરો કદી પણુ બીજાની સહાયતાથી કેવળ જ્ઞાન નથી પ્રાપ્ત કરતા. કોઇએ પ્રાપ્ત નથી કર્યું અને કોઈ નહિં પ્રાપ્ત કરે. એ તો પોતાની શક્તિથીજ પ્રાપ્ત કરે છે; " અને એજ પ્રમાણે સાડા બાર વર્ષ પર્યંત અનેક ઉપસગો સહન કરી ઉજ્વલ દીપ્તી પ્રગટાવી, આત્મશક્તિ ફોરવી કર્મ રૂપી પથ્થર સમુહના ચુરેચુરા કરી નાખી કૈવલ્ય જ્ઞાનની અપૂર્વ જ્યોતિ પ્રગટાવે છે–પ્રાપ્ત કરે છે. એ કૈવલ્ય જ્યોતિર્મય પુરૂષ સિંહજ **વિશ્વવન્દ્ય વિભૂતિનું** અનૂપમ પદ પામ્યા છે.

## અને

એ વિશ્વવન્દ્ય વિભૂતિ અન્તે ત્રણુ જગતને દૂર્લભ એવું પરમશ્રેષ્ઠપદ–સર્વોત્તમ સ્થાન પામે છે. તેઓએ જ સર્વોત્તમ સ્થાન પામ્યા છે કે જેને માટે અનેક આત્માઓ તલસે છે. જેને માટે અનેક જીવો મહાન્‌ ત્યાગ અને અપૂર્વ તપ આચરે છે. જે દરેક આત્મા માટે સાધ્ય બિન્દુ છે પરન્તુ એ સ્થાન એમ નથી પમાતું, એ તો ભડવીર પુરૂષોનુંજ મહાન્‌ વિભૂતિઓનુંજ કામ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## એ કોણ ?

જ્ઞાતપુત્ર, ત્રિશલાના નંદન ભગવાન મહાવીર દેવ. કોટીશ: વંદના છે એ વિશ્વવન્દ્ય.—

## વિભૂતિને.

જેમણે ભારતને આજે પૂનિત બનાવ્યું હતું અને આત્મસિદ્ધિના માર્ગો બધાને બતાવ્યા હતા. મોક્ષનાં દ્વાર દરેકને માટે ખુલ્લાં મેલ્યાં હતા. પૂન: પૂન: વંદના એ વિશ્વવન્દ્ય વિભૂતિને.

લે. વીરબાળ

# " શિખરપરથી દષ્ટિપાત "

આ માસમાં જગત્‌ના એક મહાપુરૂષની જયંતિ ઉજવવાની છે જે એક મુખ્ય વસ્તુ છે. એ મહાપુરૂષ તે ભગવાન મહાવીરદેવ. ભારતવર્ષનો જૈન સંઘ ઠેર ઠેર તેમના જન્મ દિવસે એમની જયન્તિ ઉજવશે. ભગવાન મહાવીર માત્ર જૈનોના જ દેવ છે એમ નહિં કિન્તુ એતો આખા વિશ્વના દેવ છે. એમના માટે તે જે થાય તેટલું ઓછું છે. જગત્‌માં તેમણે પોતાના ગુણોનો વારસો મેલ્યો છે તેનો ઉપયોગ કરનાર જરૂર આત્મહિત સાધી શકે. અત્યારના યુવાનો તેમનો માતૃપ્રેમ—માતૃભક્તિનો અપૂર્વ ગુણ સ્વીકારી પરમમાતૃભક્ત બની શકે છે. એમનો અનૂપમ ત્યાગ એમની તપશ્ચર્યા, એમની ક્ષમા, એમની ધીરતા અને વીરતા આદિ ગુણો દરેકને ગ્રાહ્ય છે તેમ આચરણીય છે.

× × ×

આ સ્થળે પ્રશ્ન એ થાય છે કે જયન્તિ એમની જ કાં ઉજવાય ? એમની પછી અને પહેલાં ઘણાય પુરૂષો થઇ ગયા છે અને થશે. જયન્તિ કોની ઉજવાય ? આ પ્રશ્નો મહત્ત્વના છે. જેમની જયન્તિ નથી ઉજવાતી તેઓ કાં તો નિર્માલ્યવત્ અને સબલ હોય તો પણ સંસાર કુપમાં ખુંચેલા છે. અને રાગદ્વેષાદિના દાસ બનેલા છે. શ્રી મહાવીર સ્વામીની જયન્તિ એટલાજ ખાતર ઉજવાય છે કે—" **અત્યારના જૈન ધર્મના તેઓ આસન્નોપકારી છે અને પોતાના અનુપમ ગુણોથી આત્મવિકાસ સાધી એક આદર્શરૂપે બન્યા છે માટે જેમના ગુણો ગ્રહણ કરનાર સંપૂર્ણ સુખી બની શકે છે માટે, જેમણે બતાવેલ માર્ગે ચાલવાથી આત્મહિત સધાય છે** માટે. જેમનો ઉપદેશ સ્વીકારવાથી આચરણમાં મુકવાથી તેમના જેવાય થવાય છે. માટે. " દરેકને માટે આટલું બસ છે. તેમની જયન્તિ ઉજવનારાઓ આટલું લક્ષ્યમાં લે, આચરણમાં ઉતારે તો જયન્તિની સાર્થકતા ગણાય. બાકી તો જગત્‌માં ઘણાય જન્મ્યા અને કાલની અનન્ત ગોદમાં છૂપાઇ ગયા છે તેમનો કોઇ ભાવ પણ નથી પૂછતું, હવે જયન્તિકોની ઉજવાય એ પ્રશ્નનો ઉત્તર આપણને સ્હેલાઇથી જડી આવે છે. જેઓ પરમ આદર્શરૂપે હોઇ આપણા આત્મકલ્યાણના માર્ગો બતાવી તે પ્રમાણે ચાલી પરમ સાધ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધ કર્યું હોય તેમનીજ જયન્તિ ઉજવવી એ ઉચિત છે. જો કે આજ તો જયન્તિઓ તો થોકબંધ ઉજવાય છે. યોગ્યાયોગ્યનો વિચાર કર્યા સિવાય જગત્પૂજ્ય, વિશ્વવન્દ્ય આદિ વિશેષણો એમનેએમ દીધે રખાય છે, પરન્તુ ફલપ્રાપ્તિ કયાં છે તે વિચારવા જેવું છે.

× × ×

આપણે દર વર્ષે જયન્તિ ઉજવી કેટલા પગથીએ ચઢયા છીએ તેનો કયાસ કાઢયો છે ખરો ? જેઓ વ્યાખ્યાન પીઠ ઉપરથી ખાંડી જેટલું બોલી નવટાંક પણ આચરણમાં ન ઉતારે તેમના વ્યાખ્યાનની એક કોડી જેટલી પણ કિમ્મત નથી; ભલે કદી અહીં વાહવાહ કહેવાય પરન્તુ એ તો શક્તિનો ભયંકર દૂરૂપયોગ છે અને આત્મ દ્રોહ છે, એ આત્મવંચના આપણા આત્માનું અહિત કરશે. આપણે જયન્તિ ઉજવીએ છીએ; તે એટલા જ ખાતર કે અઢી હજાર વર્ષ પૂર્વે થયેલ પુરૂષ અમારા આદર્શ છે અને અમે તેમના પગલે ચાલવા ઉત્સુક છીએ. અમારે આત્મહિત સાધવું છે માટે એ પરમસિદ્ધ પુરૂષને આરાધિએ છીએ. પ્રભુશ્રીનો એ મુખ્ય ગુણ હતો કે તેઓ જે બોલ્યા છે તેજ પ્રમાણે ચાલ્યા છે. કહેવું જુદુ અને વર્તન નિરાળું એવું નથી. આપણે પણ એજ સત્ય શીખી લઇએ કે જેટલું બોલીએ તેટલું વિચારપૂર્વક અને આચરણમાં ઉતારવાની ભાવનાથી જ.

× × ×

આપણે ગતાંકમાં શેઠીઆઓ તરફ દષ્ટિપાત કરી ગયા છીયે. હવે આપણને જેની જરૂર છે તે સૈનિકો–સેવકો તરફ દષ્ટિપાત કરી લઇએ.

આપણે હુકમો કરનાર કરતાં કામ કરનાર તરફ વિશેષ માનની નજરે જોઇએ છીએ. હુકમો કરનાર ગાદી તકીએ બેસી શકયાશકયનો વિચાર કર્યા સિવાય, યોગ્યાયોગ્યતાનો વિચાર કર્યા સિવાય એ હૂકમો કરે છે, આપ ખુદી ચલાવે છે અને તેમાં કેટલીકવાર જુલ્મ પણ થઇ જાય છે. સૈનિકમાં–સેવકમાં એવું નથી બનતું. એને કામ કરવાનું હોય છે, એ કામ કરતાં પાછું વાળીને નથી જોતો. કામની પાછળ દેહ ખુવાર થાય એની પરવા એ નથી રાખતો, એ માન અપમાનની દરકાર નથી રાખતો. એને મન સેવાધર્મ એજ મુખ્ય હોય છે. બરાબર કટાકટીનો સમય હોય તે વખતે એ બલિદાન–પોતાના આત્માનું બલિદાન આપતાં નથી ચૂકતો. એ કરી છૂટે છે, હુકમો નથી કરતો.

× × ×

આપણે તેવા સૈનિકોની જરૂર છે. આજે જૈન સમાજ–દિનહીન બનતો જાય છે તેનાં કારણો તપાસનાર–તેનું યથાર્થ નિદાન કરનાર કોઇ સીવીલ સર્જનની જરૂર છે. એક બાજુ શત્રુંજયનો પ્રશ્ન તો ખડો છે તેનું શું નિરાકરણ આવશે ? તેનું કયારે નિરાકરણ થશે તે કહેવું મુશ્કેલ છે. પરન્તુ આપણામાંથી સાચા સૈનિકો દિનપ્રતિદિન વધવાને બદલે ઘટતા જાય છે. એક સમય એવો હતો એસૈનિકો–શાસન સેવકોથી આપણું શાસન દીપતું હતું. કયાં છે એ **લાલભાઇ, અને મનસુખભાઇ ?** કયાં છે એ **મૂળચંદજી મહારાજ** અને **આત્મરામજી મહારાજ** કયાં છે. **વીરચંદ રાઘવજી ?** આજ તો બધાને પોતાનીકીર્તિનાં બણગાં ફૂકવાં છે. કરવા કરતાં ગજાવવું છે વધારે. સેવક તો મુંગે મોઢે સેવા કરી છૂટે છે. અત્યારે તો ખરી જરૂર સાચા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસનસેવકોની–આત્મભોગી સૈનિકોની છે. જો કે આ યુગમાં આપણામાં યુવાનોમાં સેવાની ધગશ જામી છે, સેવાનાં મંડળો સ્થપાયાં છે. સ્વયંસેવકો કામ પણ આપે છે. પરન્તુ હજી એ તો બાલક છે.

× × ×

આજે તો નેપોલીયન બોર્નાપાર્ટ જેવાની જરૂર છે. તીર્થોના પ્રશ્નો સળગી રહ્યા છે, આચાર્યો ઉપર મનગમતા આક્ષેપો થઇ રહ્યા છે. જૈનો ઘટતા જાય છે, ધર્મ નિંદાય છે. આવા આવા સમયે કમ્મર કસી તીર્થ માટે પ્રાણ પાથરનાર, ધર્મ માટે માથું આપનાર અને સમાજ સેવા માટે દેહનું બલિદાન આપનાર વીરસૈનિકોની જરૂર છે. શેઠ કરતાં સૈનિક દીપશે; શાસનને દીપાવશે.

તુલનાત્મકદ્દષ્ટિએ.

# એક સ્ફુરણા.

## " ચંડકોશીઓ નાગ અને પ્રભુ મહાવીર. "

વીર પ્રભુ ચંડ કોશીઆનો ઉદ્ધાર કરવાનો નીશ્ચય કરે છે, જંગલ તરફ પ્રયાણ કરે છે. લોકો કહે છે કે હે પ્રભુ ત્યાં એક નાગ એવો રહે છે કે જે પોતાની વિષ જ્વાળાથી જ માણસને બાળીને ભસ્મ કરે છે. પ્રભુ કહે છે કે આ દેહ કે જેને એક વખતે બાળી નાંખશે તેને એક આત્માનો ઉદ્ધાર કરવામાં ખપાવી દેવાય તો મહા ભાગ્યની વાત છે. દેહ ઉપર બીલ્કુલ મમતા નથી તથા જેમાં Divine love (દિવ્ય પ્રેમ) છલ્લોછલ ભરેલો છે એવા પ્રભુ ચાલ્યા આવે છે, રાફડા સામે ઉભા રહે છે. કાયોત્સર્ગ કરે છે, કાયાને વોસરાવી નાંખી મનને વિજ્ઞાનમય ભૂમીકામાં લઇ જઇ વીર–ખરેખરા મહાવીર ભયને તીલાંજલી આપી મહાન યોદ્ધાની માફક ઉભાં છે, નાગ જુવે છે બહાર આવે છે અને વિચારે છે કે કોઇ ચકલું પણ આણી તરફ ફરકી શકતું નથી અને આ મુરખ સામે આવીને ઉભો છે. ચાલ તેને બાળીને ભસ્મ કરી દઉં. વિષ જ્વાળા છોડવા માંડે છે પ્રભુ ડગતા નથી તેથી નાગને ક્રોધ વ્યાપે છે. ક્રોધની તો તે મૂર્તિ જ છે. જેમ જેમ પોતાની નેમમાં હારતો જાય છે તેમતેમ વધારેને વધારે ક્રોધથી ભરાતો જાય છે. ક્રોધ ઉભરાતો જાય છે, આખું આસપાસનું વાતાવરણ ક્રોધમય કરતો જાય છે. પોતાના આત્માની આસપાસ જે ક્રોધનું જાળું પોતે પૂર્વના ભવમાં બાંધ્યું હતું તે પ્રભુ તરફ તીરની માફક છોડતો જાય છે. પ્રભુ તેની સામે પોતાનો સ્વાભાવિક પ્રેમ–વીશ્વવ્યાપી પ્રેમ–Divine love મુકતા જાય છે, કાંઇપણ બોલતા નથી, જેટલો ક્રોધ કર્યો તેટલો બધો **શ્રી મહાવીરે** મહાવીરની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માફક પોતાના દેહ ઉપર આનંદથી ઝીલ્યો, જ્યારે ક્રોધનું બધું જાળું ઉખેલાઇ રહ્યું, આત્મા, દીવ્ય પ્રકાશ ઝીલવાને તૈયાર થયો, ત્યારેજ દયાના સાગરે, હલવા થયેલા આત્માને, તેનો પૂર્વભવ બતાવ્યો, જ્ઞાન મુકયું. તેનું અજ્ઞાન દૂર થયું. પૂર્વભવ જોયો, ક્રોધે તેનામાં પેસીને તેના કેવા હાલ કર્યા હતાં તે જોયું, પોતે કોણ હતો કેવી ગતિ પામે તેવો હતો છતાં ક્રોધના પંઝામાં ફસાઇ પડવાથી પોતાના શા હાલ થયા હતા તે જોયું. પ્રભુને ઓળખ્યાં, કાયા ઓસરાવી દીધી. ક્રોધે કરી તેનામાં પેસવાને ઘણા યત્ન કર્યા. જીવડાં વીકુર્યાં કીડીઓ પાસે ચટકાં ભરાવ્યાં તેનાથી થાય તેટલું કર્યું. આસપાસથી તેના સાથી બીજા ક્રોધને પણ બોલાવીને મહેનત કરી પણ એક વખત જેણે ક્રોધનાં રૂપને બરાબર પારખ્યું હતું તેણે તેને ફરી વખત પોતાનામાં પેસવા દીધો નહિં. આવી રીતે જેનું આત્મબળ વધ્યું છે, તેનો અને જેણે આનો ઉદ્ધાર કર્યો તેવા મહાવીર પ્રભુનું રાત દિવસ ધ્યાન કરવાથી મનોબળ વધે છે. દેહનો કેવો ઉપયોગ કરવો જોઇએ તે જણાય છે, કાર્યોત્સર્ગ એટલે શું તે સમજાય છે, ક્રોધ બહારની વસ્તુ છે આત્માની નથી, બહારથી આવે છે. બરાબર જાગૃત ( Vigilent ) હોઇએ તો તે અને કષાયના બીજા આકાર પણ આપણામાં પેસી શકતા નથી. અંદર હોય તેને ઓળખી જવાથી તેને નીંદવાથી ધીરે ધીરે આપણામાંથી ચાલ્યા જાય છે, આત્મપ્રકાશ પમાય છે.

**શાહ નાનચંદ ઓધવજી—નડીઆદ.**

## જ્ઞાતપુત્ર શ્રીમન્ મહાવીર પ્રભુને પ્રણામ
# પુષ્પાંજલી.

જન્મ સમયે દિગ્કુમારિકાઓ—

“ મંગલ સંદેશા મોકલ્યા,
જાગ્યું જગતનું નુર, ઉભું બ્રહ્માંડનું શૂર;
ચાલો સાહેલી રંગ મ્હાલવા.
વાધ્યાં પુણ્ય અંકુર, જાગ્યો ધર્મ એ ધૂર,
વીર વધાવો દીલ ધારીએ;
ઉગ્યો કનકનો સૂર, ફોર્યો કલ્પ લ્હેલૂર;
મંગલ સંદેશા નોતર્યા ”

✣ ✣ ✣

નમસ્કાર નમસ્કાર અનંત કોટીશઃ પ્રભુ ત્હમારા ચરણ કમળમાં ગર્ભાવસ્થામાં માતૃપ્રેમ (ભક્તિ) ના અપૂર્વ પાઠો દુનિઆને શીખડાવનાર ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્મ થતાંજ સચરાચર જગતને દીવ્ય આનંદથી સુખી કરનાર ? અજ્ઞાન-તિમિરનો ધ્વંસ કરી ચૈતન્યમય અનેક શક્તિઓનો પ્રાદુર્ભાવ કરનાર ?

હે વીર પ્રભુ **तुभ्यं नमः त्रिभुवनार्तिहरायनाथ**—

✣ ✣ ✣

બાલ્યાવસ્થામાં વીરત્વ ભરેલી શક્તિથી દેવોની શકિતને ઝાંખી કરનાર—અને પછી દેવોએ આપેલ મહાવીર એવું નામ ધારણ કરનાર; યતઃ જ્ઞાન કલમથી સિદ્ધાક્ષરે કોતરાયેલ છે. " **મહાવીર** " એવું નામ.

છો બાલવીર સત્તાએ દેવવીર,
શીખવજો હીતપાઠ સજશો સર્વજીવના;
સમભાવના સુપાઠથી બજાવશો,
જયઘોષણા નીજપૂર્ણતા પ્રગટાવીને. "

એવી દેવવાણીથી વધામણી પામી જગતના એક આભુષણ સમાન પ્રકાશી સંવત્સર સુધી દાન આપી દુનિઆને દારિદ્રમુકત કરનાર.

હે જ્ઞાતપુત્ર—? **तुभ्यं नमः क्षितितलामल भूषणाय**—

✣ ✣ ✣

આપ " ચક્રવર્તિથશો અથવા જીનેશ્વર થશો એવા સુપન પાઠકના શબ્દો સાંભળી અનેક રાજકુમારો આપની સેવા કરવા આવેલા તેઓને આપે જણાવ્યું કે હું આત્માનું ઐશ્વર્ય પ્રાપ્ત કરનારો છું—અનેક ઉપસર્ગો વખતે સ્વર્ગના ઇંદ્રે આવીને આપની સાથે રહી સેવા કરવા ઇચ્છા દર્શાવી પણ આપે કહી દીધું કે " તીર્થંકરો—અંતરંગ શત્રુઓને જીતવામાં કોઇની સ્હાયની અપેક્ષા રાખતા નથી; તેઓ પોતાના વીર્યબલ—પુરૂષાર્થથી કેવળજ્ઞાનાદિ આત્મિક ઐશ્વર્ય પ્રાપ્ત કરી મોક્ષ રૂપી આત્મિક સ્વરાજ્ય મેળવે છે. " એજ આપની સાત્વિક ભાવના આપે રચનાત્મક ક્રમે આપના જીવનમાં ઉતારી સાડા બાર વરસ સુધી ઉગ્ર તપશ્ચર્યાદિનું સેવન કરી—આત્માની અનંત શકિત, આત્માનું અનંત ઐશ્વર્ય પ્રાપ્ત કરનાર તથા જગતમાં અદ્વિતીય ઐશ્વર્યથી વીચરનાર—હે પ્રભુ !

**तुभ्यंनमः त्रिजगतः परमेश्वराय**—

✣ ✣ ✣

સંસારરૂપ દાવાનળથી દાઝેલા—સંતાપિત થયેલા ચંડકૌશીક જેવા અનેક જીવોને અમૃતમય વાણીનું સીંચન કરી દુઃખ મુકત કરનાર—બાર પહોર સુધી અમૃતમય દેશનાની ધારાના ધોધવરસાવી—જીવોની અનંતી કર્મવર્ગણાના સમુહને ધોઇ નાંખી—અનેક ભવ્યાત્માઓને આ સંસાર સાગરથી તારી પરંબ્રહ્મ ( મોક્ષ ) ને પ્રાપ્ત કરાવનાર હે પ્રભુ !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## तुभ्यंनमो जिनभवोदधि शोषणाय.

यद्यस्तिनाथ भवदंघ्रि सरोरुहाणां
भक्तेः फलं किमपि संतति संचितायाः
तन्मे त्वदेक शरणस्य शरण्य भुयाः
स्वामित्वमेव भुवनेत्र भवान्तरे ऽपि

હે પ્રભુ ! પરંપરાનો સંચય કરનારી તમારા ચરણ કમળની ભકિતનું જો કાંઈ પણ ફળ હોય તો હે શરણ કરવા લાયક પ્રભુ ! એક તમારા જ શરણવાળા એવા–મને આ ભવમાં અને બીજા ભવોમાં પણ તમેજ સ્વામિ થજો એજ ફળની હું માંગણી કરૂં છું.—ॐ શાન્તિ.

શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ પાલીતાણા. | લે:—કસ્તુરચંદ હેમચંદ દેસાઈ ધાર્મિક શિક્ષક.

## સહાય.

**મદદ**—શ્રી આર્હતમત પ્રભાકર નામની સંસ્થા બે વર્ષથી પુના શહેરમાં સ્થપાઇ છે, જેના વ્યવસ્થાપક શેઠ મોતીલાલ લાધાભાઇ છે. આ સંસ્થા તરફથી પ્રમાણમિમાંસા, સ્યાદ્વાદ મંજરી, તત્વાર્થાભિગમસૂત્ર, સ્યાદ્વાદરત્નાકર વગેરે ઉત્તમ ગ્રંથો છપાઇ પ્રકટ થયેલ છે અને પ્રયાસ શરૂ હોઇ હેમ પંચાંગી, અનેકાંત જય પતાકા, ત્રિશષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર વગેરે અનેક ગ્રંથો છપાવવાની આ સંસ્થાની અભિલાષા છે. આ પ્રયત્ન હંમેશ જારી રહે તે માટે લગભગ એક લાખ રૂપૈયા શેરો દ્વારા આ સંસ્થાને મળવા જોઇએ. રૂપૈયા પચાશના બે હજાર શેરોના પોણાભાગના શેરો લેનાર ગૃહસ્થો મળે ત્યારેજ આ લીમીટેડ યોજના કાયદાપૂર્વકની બહાર પાડી શકાય, રૂપીઆ પાંચ હજારના શેરો ખરીદનાર આ બોર્ડના ડાયરેકટર થઇ શકે છે. દરવર્ષે સેંકડે બેથી અઢી ટકા વ્યાજ મળવા સંભવ છે. આ સંસ્થાનો પધ્ધતિસર અને વિશ્વાસપાત્ર વહીવટ જૈન સમાજની દૃષ્ટિ થવાથી જૈન સાહિત્યમાં ઉત્તમ પ્રતિનું સાહિત્ય પ્રકટ થાય તે સ્વાભાવિક છે. આ રીતે આ સંસ્થાના સંચાલકોની હાલ યોજના કરવાની ઇચ્છા હોઇ તેના પ્રયત્નો શરૂ છે, અને તેથી હાલમાં શુમારે ત્રીશહજારના વચનો આ સંસ્થાને મળી ચુકયા છે, જેથી આ સંસ્થાને તેવી સહાનુભૂતિ બતાવી તેના શેરો ભરી તેના તેવા પ્રયત્નને સફળ બનાવવા જૈન સમાજે ચુકવાનું નથી. જૈન સાહિત્ય પ્રત્યેની ધગશવાળા અને જૈન સાહિત્યની સેવાની અભિલાષાવાળા બંધુઓએ તેને આ દ્વારા આશ્રય આપવાની જરૂર છે. આ સંબંધમાં વિશેષ માહેતી મેળવવા ઇચ્છનારે " વ્યવસ્થાપક આર્હતમત પ્રભાકર કાર્યાલય " પુના. એ શીરનામે લખવું. અમો પણ આ સંસ્થાના વ્યવસ્થાપકને સુચના કરીએ છીએ કે તેની યોજના, ધારા ધોરણ ઉદ્દેશો વગેરે પેપરોદ્વારા જૈન સમાજની જાણ માટે બહાર મુકવા. [ મળેલું. ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈન કોમને અગત્યની સૂચના.

શ્રી શત્રુંજય યાત્રાત્યાગનું ત્રીજું વર્ષ તા. ૧-૪-૨૮ ના રોજથી શરૂ થયું છે, છતાં પણ સંતોષકારક અને જૈન કોમના હકનું રક્ષણ કર્તા અને સ્વમાન સાચવનાર ફેંસલો થયો નથી, અને તેથીજ આપણે સ્વમાન સાચવવા શાંતિપૂર્વક યાત્રાત્યાગના ઠરાવને આખી કોમ વળગી રહી અડગ તપશ્ચર્યા શરૂ કરી છે, અને હજી પણ જ્યાંસુધી શેઠ આણંદજી કલ્યાણજી અને શ્રી જૈન કોન્ફરન્સ ફરમાન ન કરે ત્યાં સુધી તે ઠરાવને કાયમ દરેક જૈનોએ માનપૂર્વક વળગી રહેવાનું છે. આ માટે શેઠ શ્રી આણંદજી કલ્યાણજી તરફથી એક યાદી જૈન કોમને સુચનારૂપે પ્રકટ થઈ છે તે પ્રમાણે દરેક શહેર અને ગામોના શ્રી સંઘે અમલ કરવો.

## વર્ત્તમાન સમાચાર.

**શ્રી નવપદજી મહારાજના વિધિ વિધાન પ્રસંગમાં સકળ સંઘને શ્રી નવપદજીની ટોળી** ઠે૦ શ્રી શાંતિનાથજી મહારાજનું દેરાસર ભીંડી બજાર મુંબઇ તરફથી પવિત્ર શ્રી તારંગાજી તીર્થ આ ચૈત્રમાસની શાશ્વતી અઠ્ઠાઇમાં શ્રી નવપદજી મહારાજનું આરાધન વિધિ વિધાન સહિત કરી આત્મકલ્યાણ સાધવા માટે શ્રી સંઘને આમંત્રણ-પત્રિકા દ્વારા કરેલ છે. જેની એક નકલ અમોને મળી છે. અમો આવી ભાવના અને આ આરાધના માટે અમારો આનંદ જાહેર કરીયે છીએ. ચૈત્ર શુદ ૬ મંગળવારથી તે ચૈત્ર વદી ૧ સુધી આ મહોત્સવ ઉજવાશે. જેમાં શ્રીપાળ મહારાજના રાસનું ભાવપૂર્વક વાંચન શ્રવણ, ચોસઠ પ્રકારી તેમજ શ્રી નવપદજી મહારાજની પૂજા ભણાવવાનું, રાત્રિ જાગરણ, સ્વામી વાત્સલ્ય, પ્રભાવના, આયંબીલ તપ, પૂજા, આંગી અને નવપદજી મહારાજનું વિધિ સહિત આરાધનવડે પ્રભુ ભક્તિ વગેરે કરવામાં આવશે. આવી રીતે સામુદાયિક ધર્મ સાધન કે ભકિત અને તે વળી તીર્થ ઉપર કરવાથી શાસન પ્રભાવના સાથે અનેક મનુષ્યો આત્મકલ્યાણ સાધી શકે છે અમો તેની અનુમોદન કરવા સાથે પ્રગતિ ઇચ્છિએ છીએ.

## " અમદાવાદમાં જૈન બોર્ડીંગ. "

શહેર અમદાવાદમાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ પોતાના પૂજ્ય પિતાશ્રી શેઠ લાલભાઇની ઇચ્છાને માન આપી રૂપીયા એકાવન હજારની રકમ જૈન બોર્ડીંગ ખોલવા માટે આપી છે. જેમના પિતા શ્રીયુત લાલભાઇ શેઠ કેળવણીના ખાસ હિમાયતી હતા અને પ્રેમ ધરાવતા, તેટલુંજ નહિં પણ શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ તરીકે રહી ઘણા વર્ષો સેવા કરી હતી, તેમ તે પિતાના પગલે ચાલી તેવી સેવા કરવા સાથે કેળવણી ઉપર પણ શ્રી કસ્તુરભાઇ શેઠ પ્રેમ ધરાવતા હોવાથી જ આવી કેળવણીને મદદ કરનાર સંસ્થા જૈન બોર્ડીંગનો જન્મ આપે તે સ્વાભાવિક છે, જે જોઇ સર્વને આનંદ થાય તેમાં નવાઇ નથી. આ સંસ્થા દ્વારા અભ્યાસની સગવડતા કે અપૂર્ણતા પુરી પાડવા સાથે મનુષ્ય આદર્શતાની ખીલવણીની યોજના કરવામાં આવશે. દરેક સ્થળે આવી બોર્ડીંગો થવાની જરૂર છે. કારણકે જૈન કોમ કેળવણી લીધા સિવાય ચાલે તેમ નથી. તેમ નભી શકે તેમ નથી. ખરૂં જૈનત્વ પ્રાપ્ત કરવાનું સાધન કેળવણી છે. અને તે આ જમાનામાં આવા સાધનો વગર ચાલી શકે તેમ નથી. અમો આ સંસ્થાની ભવિષ્યમાં ઉન્નતિ ઇચ્છિએ છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર.

**સમયને ઓળખો.** લેખક:—મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ, પ્રકાશક શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગર કિંમત રૂા. ૧–૦–૦ જૈન સમાજની વર્તમાન કાળની સ્થિતિનું દિગદર્શન આ ગ્રંથમાં ૩૬ લેખોમાં આપી, લેખક મહાશયે જૈન શાસન પ્રત્યેનો પ્રેમ અને લાગણી બતાવી છે. કેટલાક લેખો તો એવા છે કે સમાજની જવાબદાર વ્યકિતઓ મુનિમહારાજો કે ગૃહસ્થોએ ખાસ વિચારવા જેવું છે. આ ગ્રંથમાં આવેલા લેખો "ધર્મ ધ્વજ" ના અંકમાં પ્રથમ પ્રગટ થયા હતા. પરંતુ તે લેખોની ગણુના પુસ્તકરૂપે આ રીતે પ્રકટ થતાં વધારે થાય તે સ્વાભાવિક છે. વર્તમાન કાળની સ્થિતિનું ભાન થવા તેમજ સમાજમાં પેઠેલા વ્યાધિનું નિવારણ કરવા માટે બીજા સાધનો સાથે આવા લેખો પ્રકટ થાય તે પણ એક આવશ્યક સાધન છે અને તેને લઇને આ ગ્રંથનું નામ "સમયને ઓળખો" તે તેટલુંજ બંધ બેસતું અને યોગ્ય છે. અમો સર્વને આ ગ્રંથ વાંચવા વિચારવા અવશ્ય ભલામણ કરીએ છીએ.

---

### શ્રી ગોઘારી વિશાશ્રીમાળી જૈન દવાખાનું. મુંબઇ.

( સં. ૧૯૮૩ ની સાલનો ત્રીજો રીપોર્ટ. )

મુંબઇ જેવા શહેરમાં આ જ્ઞાતિના માટે ચાલતું આ દવાખાનું એક આશિર્વાદરૂપ છે. રીપોર્ટવાળા આ વર્ષમાં ૮૯૧૯ જૈન દર્દીઓએ લાભ લીધો છે, જેની વ્યાધિવાર નોંધ આ રીપોર્ટમાં આપેલ છે. બીજી કોમ કરતાં જૈન કોમનું મરણનું પ્રમાણ મુંબઇમાં વધારે આવે છે તે સરકારી આંકડા ઉપરથી રીપોર્ટમાં બતાવવામાં આવેલ છે, તે જોતાં આ દવાખાનાના પ્રવૃતિ એક આવશ્યક સાધનરૂપ ગણાય, તેની આર્થિક સ્થિતિ માટે વારંવાર ફંડ કરવું પડે કે લવાજમ ઉઘરાવવું પડે, તેને બદલે આ જ્ઞાતિ બંધુઓ પછી જેઓ ત્યાં વસતા હોય કે બીજે વસતા હોય તેમણે સારી રકમ આપી એક સ્થાઇ ફંડ કરી જ્ઞાત બંધુઓનો કાયમ માટે આશિર્વાદ લેવાની ખાસ જરૂર છે. આ ખાતાના સેક્રેટરીઓનો ઉત્સાહ અને લાગણી સારી છે. વહીવટ ચોખવટવાળો અને વ્યવસ્થા સંતોષકારક છે. અમો વિશાળ પ્રગતિમાન થાય તેમ જોવા ઇચ્છીએ છીએ.

---

### શ્રી વીરતત્ત્વ પ્રકાશ મંડળનો આઠમો વાર્ષિક રીપોર્ટ.

આ મંડળની સ્થાપના આઠ વર્ષ ઉપર મુંબઇ શહેરમાં થઇ છે. જેને ચાર વર્ષ ઉપર શિવપુરી લઇ જવામાં આવી છે કે જ્યાં આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી મહારાજનું સમાધિ મંદીર છે, હાલ આ સંસ્થામાં ૪૫ વિદ્યાર્થીઓ સંસ્કૃત, અંગ્રેજી, હીંદી ધાર્મિક વગેરેનો લાભ લે છે. અભ્યાસક્રમ ૯ વર્ષનો રાખવામાં આવેલ છે. સંસ્કૃત પરિક્ષાનું સેંટર તરીકે આ સંસ્થાને કલકત્તા યુનીવરસીટીએ રાખેલ છે; સાથે લાઇબ્રેરી પણ રાખવામાં આવે છે. યુરોપીયન ઘણા વિદ્વાનો આ સંસ્થાની વિઝીટ લેવા આવે છે. આ સંસ્થા પ્રત્યે સ્વર્ગવાસી આચાર્ય મહારાજના સુશિષ્યો આચાર્યશ્રી વિજયેન્દ્રસૂરિ, ઉપાધ્યાયજી મહારાજ શ્રી મંગળવિજય મહારાજ તથા મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજની આ નિમિત્તે ગુરૂભક્તિ સાથે આ સંસ્થા પ્રત્યેની લાગણી અને સેક્રેટરી મોહનલાલભાઇ તથા રતીલાલભાઇનો પ્રયત્ન ઉત્તમ છે; આવક ખર્ચનો હિસાબ યોગ્ય જણાય છે અમો તેની આબાદી ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

## શહેર ભાવનગરમાં શ્રી સંઘે કરેલ ઠરાવ.

આજે તા. ૧-૪-૧૯૨૮ ચૈત્ર શુદ ૧૨ ના રોજ શ્રી શત્રુંજય યાત્રાત્યાગનું ત્રીજું વર્ષ શરૂ થતાં શેઠશ્રી આણંદજી કલ્યાણજીના ફરમાન મુજબ આજરોજ સવારના આઠ વાગે શ્રી ચતુર્વિધ સંઘ સરઘસના આકારમાં દીલગીર થતાં શ્રી દાદાસાહેબની વાડીમાં ગયા હતા, અને ત્યાં શ્રી સંઘે યાત્રાત્યાગના ચાલુ ઠરાવને મક્કમપણે વળગી રહેવા ઠરાવ કર્યો હતો; ત્યારબાદ શ્રી શત્રુંજય તીર્થ સન્મુખ બેસી ચૈત્યવંદન કર્યું હતું, અને અત્રેના શ્રી સંઘે કરેલા ઠરાવ અને સંતોષકારક નિવેડો જલદી લાવવા વગેરે માટે ગવર્નર જનરલ અને બીજા યોગ્ય સ્થળે તારો કર્યા હતા. આયંબીલ તપ ધ્યાન વગેરે પણ કરવામાં આવેલ હતા તેમજ તમામ જૈનોએ પોતાનો ધંધો બંધ રાખી હડતાલ પાડી તે માટે શોક પ્રદર્શીત કર્યો હતો.

## અમારૂં જ્ઞાનોદ્ધાર ખાતું.

### નીચેના ગ્રંથો છપાય છે.

૧ શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર )
૨ શ્રી વિમલનાથ ચરિત્ર ,,
૩ પેન્દ્ર સ્તુતિ ( संस्कृत )
૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ( ભાષાંતર )
૫ શ્રી મહાવીર ચરિત્ર ,,
૬ શ્રી वसुदेव हींडि प्राकृत
૭ विलासवईकहा अपभ्रंश છાયા સાથે.

ઉપરના ગ્રંથો ઘણાજ પ્રાચીન પૂર્વાચાર્યકૃત હોઇ, કથાઓ ઘણીજ સુંદર રસીક, ભાવવાહી અને અંતર્ગત વિવિધ ઉપદેશક કથાઓ સહિત છે. મહાન પુરૂષોના આવા સુંદર, સત્ય ચરિત્રો વાંચી વિચારી આત્મકલ્યાણ સાધવાની આ સુંદર તક કે જે સભાના લાઇફ મેમ્બર થઇ તેવા ગ્રંથો ભેટ મેળવી લેવા ચૂકવાનું નથી.

## છપાઈ તૈયાર થયેલ અપૂર્વ ગ્રંથ
## " गुरुतत्त्व विनिश्चय । "

પ્રસ્તુત ગ્રંથના કર્તા ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમાન્ યશોવિજયજી મહારાજ છે ગુરૂતત્ત્વના સ્વરૂપનો સંગ્રહ વાચકોને એકજ ઠેકાણે મળી શકે એવા ઉદ્દેશથી તેઓશ્રીએ જૈનાગમોનું દોહન કરી પ્રસ્તુત ગ્રંથમાં તેવા સંગ્રહને રોચક અને સરલ છતાં પ્રૌઢભાષામાં વર્ણવેલો છે જેનો ખ્યાલ વિદ્વાન્ વાચકોને ગ્રંથના નિરીક્ષણથી આવી શકશે.

સંસ્કૃત ભાષાને નહી જાણનાર સાધારણ વાચકો પણ પ્રસ્તુત ગ્રંથ માટેની પોતાના જિજ્ઞાસાપૂર્ણ કરી શકે તે માટે ગ્રંથની આદિમાં સંપાદકે ગ્રંથનો તેમજ તેના કરતાનો પરિચય કરાવી ગ્રંથનો તાત્વિક સાર તથા વિષયાનુક્રમ આદિ ગુજરાતી ભાષામાં આપેલ છે. અને અંતમાં ઉપયોગી પરિશિષ્ટો તથા ઉપાધ્યાયજીના અજ્ઞાત બે અપૂર્વ ગ્રંથોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ખપી મુનિ મહારાજે તેમજ ગૃહસ્થોએ મંગાવવા સાવધાન રહેવું દરેક લાભ લઇ શકે તે માટે કિંમત અડધી રાખવાનાં આવી છે. કિંમત રૂ. ૩-૦-૦ ટપાલ ખર્ચ જુદું પડશે અમારે ત્યાં મળી શકશે. લખો શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરાઇ પીડ જાણો.

" પ્રાંતે પ્રાંતે અસલ વતની કોમો માટે કલ્યાણકારી મંડળીઓ સ્થાપવાની જરૂર છે, તેને અંગે આખી જીંદગીભર સેવા કરનારા હિંદી મિશનરીઓ સેવકો–કોડીબંધ અને સેંકડો જોઇએ. સેવા કરનારા ડૉકટરો, લાખો રૂપીયા મેળવીને કીર્તિ પ્રાપ્ત કરનારા નહિ, પણ ગરીબોની સેવા કરી ખ્યાતિ પામેલા મીરજના ડૉકટર વાલનેસ કે બામદના ડૉકટર યુગલ મૅકફેલની માફકના કાર્યકર્તાઓ જોઈએ. પોતાની વિદ્વત્તા ગરીબોનાં બાળકોને તેમની ઝુંપડીઓમાં, પહાડોનાં શિખર ઉપર કે ગાઢ જંગલમાં જઇને જ્ઞાન આપનારા અધ્યાપકો અને આચાર્યો જોઇએ છે. કોઢીયા, લૂલા, લંગડા, આંધળા અને નવારસ બાળકોની સેવા કરનાર ડૉકટરો અને દુનિયાદારીમાં પીઢ થયેલા ગૃહસ્થો જોઇએ છે. ભીલ, ચોધરી, દુબળા, વારલી, કાતકરી, વડર, વાદી, રાવળ, ઠાકુર, ઢેડ, ચમાર, ભંગી, શેણુવા, કાથુડીયા, કોટવાળીયા વિગેરે એવી એવી કોમનાં સ્થાને શોધ કાઢી તેમની વચમાં જઇ વાસ કરી, તેમની બોલી શીખી, તેમને જ્ઞાનવાન, ધાર્મિક તથા ધંધાદારો બનાવનારા સેંકડો બલ્કે હજારો કાર્યકર્તાઓ જોઇએ છે. આવા સેવકો ભાડુતી કે સારા પગારની લાલચે મળી શકશે નહિ જેને ઇશ્વરી સંદેશો મળશે, કે જેને પોતાના દેશનાં કલ્યાણ માટે ધગશ હશે, કે જે ખરો ભ્રાતૃભાવ સમજતો હશે, કે જે યજુર્વેદના વાકય પ્રમાણે હું મારા દેશને માટે અનેક કષ્ટો સહેવાને તૈયાર છું. એમ કહેશે, એટલું જ નહિ પણ ખરેખર મનથી આચરશે તેજ આવું કાર્ય કરી શકશે. અલબત, આવા લોકોને તથા તેમનાં બાળબચ્ચાંને ખાવાને રોટલો તો જોઇએ જ અને તે પ્રજાએ એકલા શ્રીમંત વર્ગજ નહિ પણ સાધારણ જનસમૂહે પણ–પૂરો પાડવો જોઇએ. આ યુગને કળિયુગ માનનાર કળિયુગ પ્રમાણે આચરણ કરે અને બીજાઓ ના જુએ; પણ સત્યુગના આચરણ કરનાર માણસ આજે પણ સત્યુગ છે, એમ માને અને મનાવે, 'પરાઇ પીડ' જાણવાને દિવ્ય ચક્ષુની જરૂર નથી, માનુષી ચક્ષુ અને અનુકંપાવાળું હૃદય બસ છે. એવાને પરાઈ પીડના ઉપાય કરવાનાં સાધન મળી જ રહેશે–પ્રભુ પૂરાં પાડશે.

**શ્રી અમૃતલાલ ઠક્કર.**

For Private And Personal Use Only